અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૪ | અંક : ૨૨૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ સસ્પેન્ડ કરી દીધા

## ટેરર લિંકના કારણે જમ્મુ કાશ્મીરના 3 સરકારી કર્મચારીને સસ્પેન્ડ કરાયા

### ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ એક પોલીસ કોન્સ્ટેબલ, એક શિક્ષક અને વન વિભાગના એક કર્મચારી સહિત 3 સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા


। (એજન્સી) જમ્મુ, તા.૧૫ ।

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ ટેરર લિંકના કારણે જમ્મુ કાશ્મીરના ૩ સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધાં છે. સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં જમ્મુ કાશ્મીર પોલીસનો એક કોન્સ્ટેબલ ફિરદોસ ભટ્ટ પણ સામેલ છે, જે પોલીસમાં રહીને લશ્કર માટે કામ કરતો હતો.

જાણકારી અનુસાર ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ એક પોલીસ કોન્સ્ટેબલ, એક શિક્ષક અને વન વિભાગના એક કર્મચારી સહિત ૩ સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા. ત્રણેય કર્મચારી અલગ-અલગ આતંકવાદ સાથે જોડાયેલા મામલામાં જેલમાં કેદ છે. આ મોટી કાર્યવાહી ઉપરાજ્યપાલની અધ્યક્ષતામાં સુરક્ષા સમીક્ષા બેઠકના એક દિવસ બાદ કરવામાં આવી. બેઠકમાં ઉપરાજ્યપાલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓને આતંકવાદીઓ અને પડદાની પાછળ છુપાયેલા આતંકી તંત્રને બેઅસર કરવા માટે આતંકવાદ વિરોધી અભિયાન તેજ કરવાનો આદેશ આપ્યો હતો. ઉપરાજ્યપાલે એ પણ કહ્યું હતું કે 'આતંકવાદનું સમર્થન અને ફંડિગ કરનારને ખૂબ ભારે કિંમત ચૂકવવી પડશે.'

ગત ૧૩ ફેબ્રુઆરીએ મનોજ સિન્હાએ કહ્યું હતું કે 'આતંકવાદના દરેક ગુનેગાર અને સમર્થકને આની કિંમત ચૂકવવી પડશે. આપણે વિશ્વસનીય ગુપ્ત જાણકારીથી સજ્જ થવા અને આતંકવાદીઓને બેઅસર કરવા તથા નાગરિકોની સુરક્ષા નક્કી કરવા માટે વધુ પ્રભાવીરીતે કાર્ય કરવાની જરૂર છે.'

ફિરદોસ અહમદ ભટ ૨૦૦૫માં એસપીઓ તરીકે નિમણૂક થયો અને ૨૦૧૧માં કોન્સ્ટેબલ બની ગયો. તેની મે ૨૦૨૪માં ધરપકડ કરવામાં આવી.



તે કોટ ભલવાલ જેલમાં બંધ છે. ખાસ વાત એ છે કે કોન્સ્ટેબલ તરીકે પુષ્ટિ કર્યા બાદ ફિરદોસ ભટને જમ્મુ કાશ્મીર પોલીસમાં ઈલેક્ટ્રોનિક મોનિટરિંગ યુનિટના સંવેદનશીલ પદ પર તહેનાત કરવામાં આવ્યો હતો. જોકે, તેણે આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા માટે કામ કરવાનું શરૂ કરી દીધું. મે ૨૦૨૪માં ફિરદોસ ભટનો પર્દાફાશ થયો જ્યારે બે આતંકવાદીઓ વસીમ શાહ અને અદનાન બેગની અનંતનાગમાં પિસ્તોલ અને હેન્ડ ગ્રેનેડ સાથે ધરપકડ કરવામાં આવી.

તપાસમાં ખબર પડી કે ફિરદોસ ભટે લશ્કરના બે અન્ય સ્થાનિક આતંકવાદીઓ ઓમાસ અને અકીબને વસીમ અને અદનાનને બિન-સ્થાનિક નાગરિકો અને અનંતનાગ આવનાર પર્યટકો પર આતંકી હુમલો કરવા માટે હથિયાર અને ગોળા-બારૂદ પૂરા પાડવાનું કામ સોંપ્યું હતું. પૂછપરછ દરમિયાન ફિરદોસ ભટે હકીકત જણાવી. ફિરદોસ ભટ સાજિદ જટ્ટનો નજીકનો સહયોગી હતો જેણે તેને પાકિસ્તાનથી એક મોટા આતંકવાદી નેટવર્કને સંચાલિત કરવામાં મદદ કરી.

નિસાર અહમદ ખાન ૧૯૯૬માં વન વિભાગમાં સહાયક તરીકે સામેલ થયો હતો. હાલ તેની નિમણૂક વેરીનાગ, અનંતનાગના વન રેન્જ કાર્યાલયમાં અર્દલી તરીકે થઈ હતી. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર નિસાર ખાન સરકારની અંદર છુપાયેલો એક ગદ્દાર છે. તે ગુપ્તરીતે હિઝબુલ મુઝાહિદીનમાં સામેલ થઈ ગયો અને અલગાવવાદી શક્તિઓની સાથે મદદ કરવાનું શરૂ કરી દીધું. આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદીન માટે જાસૂસી કરતો હતો.

હિઝબુલ મુઝાહિદીનની સાથે તેના સંબંધ પહેલી વખત વર્ષ ૨૦૦૦માં સામે આવ્યા જ્યારે અનંતનાગ જિલ્લાના ચમારનમાં એક લેન્ડમાઈન વિસ્ફોટ થયો. આ હુમલાને હિઝબુલ મુઝાહિદીને અંજામ આપ્યો હતો. જેમાં જમ્મુ-કાશ્મીરના તત્કાલીન વિજળી મંત્રી ગુલામ હસન ભટ માર્યા ગયા હતાં.

### આમ આદમી પાર્ટીના 3 વર્તમાન કાઉન્સિલરો ભાજપમાં જોડાયા

। નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ ટ્રિપલ એન્જિન સરકાર બનાવવાના પ્રયાસો તેજ કરી દીધા છે. આમ આદમી પાર્ટીના ત્રણ વર્તમાન કાઉન્સિલરો ભાજપ માં જોડાયા છે. દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ ત્રણેય કાઉન્સિલરોને પાર્ટીનું સભ્યપદ આપ્યું છે. ભાજપમાં સામેલ થયેલા આમ આદમી પાર્ટીના કાઉન્સિલરોમાં એન્ડ્રૂઝ ગંજના કાઉન્સિલર અનિતા બસોયા, આરકે પુરમના કાઉન્સિલર ધરમવીર અને છપરાના વોર્ડ ૧૫૨ના કાઉન્સિલર નિખિલનો સમાવેશ થાય છે. દિલ્હી વિધાનસભામાં જંગી જીત બાદ હવે ભાજપની નજર MCD પર પણ છે.

### અન્ય ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયા

## કુંભમાં જઈ રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી બોલેરો બસ સાથે અથડાઈ, ૧૦ના મોત

### પોલીસે ઘટનાસ્થળની મુલાકાત બાદ માહિતી આપી હતી કે આ દુર્ઘટના પ્રયાગરાજ મિરઝાપુર હાઈવે પર સર્જી હતી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૫ ।

મહાકુંભથી આવતા કે જતાં આ વખતે અનેક અકસ્માતના અહેવાલ સામે આવ્યા છે ત્યારે આજે વધુ એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. યુપીના પ્રયાગરાજ એટલે કે જ્યાં મહાકુંભ યોજાયો છે એ જ શહેરમાં ભયંકર માર્ગ અકસ્માત થયો છે જેમાં એક બોલેરો અને બસ વચ્ચે ભીષણ ટક્કરમાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત નીપજ્યાં હતા જ્યારે અન્ય ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી રહી છે. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત બાદ માહિતી આપી હતી કે આ દુર્ઘટના પ્રયાગરાજ મિરઝાપુર હાઈવે પર સર્જી હતી. છત્તીસગઢના કોરબાથી શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરવા મહાકુંભ



તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જ મોટો અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ ટીમ ધસી આવી હતી અને ઘાયલોને તાત્કાલિક ધોરણે સ્થાનિક હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. અનેકની હાલત ગંભીર હોવાથી મૃતકાંક પણ વધી શકે છે. પ્રયાગરાજના મેજા વિસ્તારમાં આ ભીષણ અકસ્માત શુક્રવાર-શનિવારની રાતે ૨ વાગ્યે સર્જાયો હતો. એક પૂરપાટ જતી બોલેરો અને બસ વચ્ચે ભીષણ ટક્કર થઈ હતી. આ ટક્કરને કારણે જોરદાર ધડાકો થયો હતો અને બોલેરોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. તમામ મૃતકોમાં બોલેરોમાં સવાર શ્રદ્ધાળુઓ સામેલ છે. સ્થાનિકોએ ઘટના બાદ ત્વરિત લોકોને બચાવવા પ્રયાસ હાથ ધર્યા હતા અને પોલીસને જાણ કરી હતી. મૃતકોના શબ કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને ઘટનાનું કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### ૧૦ નગર નિગમમાં કમળ ખીલ્યું

## છત્તીસગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ

। (એજન્સી) રાયપુર, તા.૧૫ ।

છત્તીસગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કેસરિયો લહેરાયો છે. ભાજપે તમામ ૧૦ નગર પાલિકામાં મેયર પદની ચૂંટણી જીતી લીધી છે. સૌથી મોટી જીત રાયપુરમાં મીનલ ચૌબેને મળી છે. મીનલ ચૌબેએ ૧ લાખ ૫૩ હજારથી વધુ મતથી દિપ્તિ દુબેને હરાવ્યા છે. રાયપુરમાં આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે.

રાયપુરમાં ૧૫ વર્ષ સુધી કોંગ્રેસના મેયર હતાં. આ સિવાય દુર્ગ, રાજનાંદગાંવ, બિલાસપુર, જગદલપુર, અંબિકાપુર, રાયગઢ, ચિરમિરિના નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયાં છે. રાજનાંદગાંવ નગર પાલિકામાં મેયર પદ માટે થયેલી ચૂંટણીમાં ભાજપના મધુસુદન યાદવે જીત મેળવી છે. ચૂંટણીમાં મધુસુદનને કુલ ૬૨,૫૧૭ મત મળ્યા છે. જ્યારે નિખિલ દ્વિવેદીને કુલ ૨૧,૩૭૯ મત



મળ્યા છે. મધુસુદન યાદવે કોંગ્રેસના નિખિલ દ્વિવેદીને ૪૧,૧૩૮ મતોથી હરાવ્યા છે. અહીં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો હતો. મધુસુદન યાદવ ભૂતકાળમાં સાંસદ અને મેયર પણ રહી ચુક્યા છે. મધુસુદનને ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા અધ્યક્ષ ડૉ. રમણ સિંહના નજીકના માનવામાં આવે છે. કારણ કે આ ડૉ. રમણ સિંહનું હોમ ટાઉન છે અને તેમનો જાદુ અહીં કામ કરી ગયો. ડૉ. રમણે મુખ્યમંત્રી સાથે ચૂંટણી સભાઓ કરી હતી.

### છત્તીસગઢની બોદરી નપામાં ત્રણ કાઉન્સિલરોનો વિજય

। નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હીમાં સત્તા ગુમાવનાર આમ આદમી પાર્ટી(AAP)ને છત્તીસગઢથી ખૂબ જ સારા સમાચાર મળ્યા છે. ભાજપ શાસિત રાજ્યમાં યોજાયેલી સ્થાનિક એકમની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલની પાર્ટીએ પોતાનું ખાતું ખોલ્યું છે. બિલાસપુરમાં આપે એક નગરપાલિકાની બેઠક જીતી છે. બોદરી નગર પાલિકા પ્રમુખ પદ માટે આપ ઉમેદવાર નીલમ વિજય વર્માએ જીત મેળવી છે. આ ઉપરાંત કેટલાક કાઉન્સિલરો પણ જીત્યા છે.

### પાકિસ્તાને કહ્યું અમારું ટેન્શન વધી ગયું છે

## ટ્રમ્પની ભારતને F-35 ફાઈટર જેટની ઓફરથી પાકિસ્તાન ધ્રૂજ્યું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૫ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મહત્વપૂર્ણ બેઠક દરમિયાન ભારતને અત્યાધુનિક ફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ પ્રદાન કરવાની ઓફર કરી હતી. આ સંભવિત સોદાથી પાકિસ્તાનમાં ગભરાટ ફેલાયો છે, જેણે આ પગલાને દક્ષિણ એશિયામાં શાંતિ માટે ખતરો ગણાવ્યો છે અને પોતાનું ટેન્શન વધી ગયું હોવાનું જણાવ્યું છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, પાકિસ્તાને આ પ્રકારના પગલાને પ્રાદેશિક સૈન્ય સંતુલનને ખલેલ પહોંચાડનારું અને વ્યૂહાત્મક સ્થિરતાને નબળી પાડનારું ગણાવ્યું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "ભારતમાં એડવાન્સ મિલિટરી ટેક્નોલોજીના આયોજિત આગમનથી અમારા તણાવમાં વધારો થયો છે." પાકિસ્તાની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, "અમે અમારા આંતરરાષ્ટ્રીય ભાગીદારોને દક્ષિણ એશિયામાં શાંતિ અને સુરક્ષાના મુદ્દાઓ પર સર્વગ્રાહી અને ઉદ્દેશ્યપૂર્ણ અભિગમ અપનાવવા વિનંતી કરીએ છીએ." તેમણે ઉમેર્યું કે, "અમારા તમામ ભાગીદારોએ એકતરફી અને જમીની વાસ્તવિકતાથી ભટકતી બાબતોને સમર્થન આપવાનું ટાળવું જોઈએ."

### રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા

## નવી ટેક્નોલોજીના ઉત્પાદન માટે ભારતને સ્પષ્ટ વિઝનની જરૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ સાંસદે કહ્યું કે, ભારતમાં પ્રતિભા છે, પરંતુ યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે નવી ટૅક્નોલૉજીમાં ઔદ્યોગિક કૌશલ્યો વિકસિત કરવાની જરૂર છે. રાહુલ ગાંધીએ શનિવારે ઠ પર એક પોસ્ટમાં હાઈલાઈટ કર્યું કે ચીને કેવી રીતે ડ્રોન બનાવવાનું શરુ કર્યું છે જે સમગ્ર વિશ્વમાં યુદ્ધમાં ક્રાંતિ લાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, ભારતે આ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક બનવા માટે વ્યૂહરચના વિકસાવવાની જરૂર છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, ડ્રોને યુદ્ધમાં ક્રાંતિ લાવી છે, બેટરી, મોટર્સ અને ઓપ્ટિક્સને સંયોજિત કરીને યુદ્ધક્ષેત્રમાં ચાલાકી અને સંદેશાવ્યવહારને અભૂત પૂર્વ રીતે સક્ષમ કરી શકાય છે. પરંતુ ડ્રોન માત્ર એક ટૅક્નોલૉજી નથી, તે એક મજબૂત ઔદ્યોગિક પ્રણાલી દ્વારા ઉત્પાદિત બોટમ-અપ ઈનોવેશન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું કે, આ માત્ર એક ટૅક્નોલૉજી નથી.

### ગડેપનની સરકારી શાળામાં કેટલાક બાળકો બેભાન

## ખાતર પ્લાન્ટની ગેસ લાઇનમાં ગેસ લીકેજ, ૧૩ બાળકોને અસર

। (એજન્સી) કોટા, તા.૧૫ ।

કોટા જિલ્લાના સાંગોદ વિધાનસભા મતવિસ્તારમાં આવેલી ગડેપનની સરકારી શાળામાં કેટલાક બાળકો બેભાન થઈ ગયા, ઉલટી થઈ ગઈ અને બીમાર પડ્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક પછી એક બાળકો નીચે પડવા લાગ્યા અને તેમને શાળાની નજીક આવેલી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા જ્યાંથી વધુ ૬ ગંભીર બાળકોને કોટા રિફર કરવામાં આવ્યા. ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસમાં ખળભળાટ મચી ગયો હતો. વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે રવાના થઈ ગયા છે અને સમગ્ર મામલાની પૂછપરછ કરી છે. બેભાન બાળકોને CFCL હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, શરૂઆતમાં પોલીસ અધિકારીઓએ ગેસ લીકેજની પુષ્ટિ કરી નથી પરંતુ તે એમોનિયા ગેસ લીકેજ હોવાનું માનવામાં આવે છે. કોટા ગ્રામીણ એસપી સુજીત શંકરે જણાવ્યું હતું કે ગ્રામજનોએ ગેસ લીકેજ અંગે મૌખિક ફરિયાદ કરી છે, તેઓ આ મામલે ઘટનાસ્થળે પહોંચ્યા હતા, કેટલાક બાળકોને સારવાર માટે કોટા મોકલવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. તેમણે કહ્યું કે સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE
cnngujarat.co.in

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...





આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ૨૦૨૫ની આગોતરી ઉજવણીના ભાગરૂપે, અમદાવાદના AMA ખાતે ''માતૃભાષા પુસ્તકો અને જીવન'' વિષય પર એક અનોખા પરિસંવાદ, પુસ્તક વિમોચન અને પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું.

## કોંગ્રેસથી દુર થતો પહેલા ફૈઝલ પટેલે ઈમોશનલ પોસ્ટ કરી

। (એજન્સી) ભરૂચ, તા.૧૫ ।

કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલના પરિવારની નારાજગી ફરી એકવાર સામે આવી છે. અહેમદ પટેલના પુત્ર ફૈઝલે (૪૪) કોંગ્રેસ માટે કામ નહીં કરવાની જાહેરાત કરી છે. કોંગ્રેસથી દુર થતા પહેલા ફૈઝલ પટેલે ઈમોશનલ પોસ્ટ કરી છે. તેમાં લખ્યું છે કે, "ઘણા વર્ષોથી મારા દિવંગત પિતા અહેમદ પટેલે તેમના પગલે ચાલવાનો પ્રયાસ કર્યો, પરંતુ હું દરેક રીતે માનવતા માટે કામ કરવાનું ચાલુ રાખું છું. ફૈઝલ પટેલની પોસ્ટ બાદ ગુજરાતમાં કોંગ્રેસને ઝટકો લાગશે તેવી ચર્ચા શરૂ થઈ છે કે, ફૈઝલ પટેલ ભાજપ માં જશે. લોકસભાની ચૂંટણી પહેલા જ્યારે તેઓ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને મળ્યા ત્યારે ગુજરાતમાં રાજકીય ગરમાવો આવી ગયો હતો. પિતા અહેમદ પટેલના અવસાન બાદ ફૈઝલ પટેલ અને તેમની બહેન મુમતાઝ કોંગ્રેસમાં સક્રિય છે. મુમતાઝ પટેલ દિલ્હીની ચૂંટણીમાં પ્રચાર કરતા જોવા મળ્યા હતા. અગાઉ જ્યારે તેમને લોકસભાની ચૂંટણીમાં ભરૂચમાંથી ટિકિટ ન મળી ત્યારે તેમનું દર્દ છલકાયું હતું. રાજકીય વર્તુળોમાં મુમતાઝને અહેમદ પટેલના વારસ તરીકે જોવામાં આવે છે. ગુજરાત કોંગ્રેસે ફૈઝલ પટેલની પોસ્ટ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. ફૈઝલ પટેલ અને મુમતાઝ પટેલ તેમના પિતા અહેમદ પટેલના કારણે ગાંધી પરિવાર સાથે સીધો સંબંધ ધરાવે છે. મુમતાઝ ઘણા પ્રસંગોએ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે જોવા મળી છે, પરંતુ ફૈઝલની પાર્ટીમાં અવગણના કરવામાં આવતા નારાજગી વ્યક્ત કરીને કોંગ્રેસને છોડવા મજબૂર હોવાનું જણાવ્યુ. આ ત્યારે થયું છે જ્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે પાર્ટી ૨૦૨૭માં ભાજપને હરાવી દેશે. વિપક્ષના નેતા બન્યા બાદ રાહુલ ગાંધી અમદાવાદ પહોંચ્યા ત્યારે તેમણે આ મોટો દાવો કર્યો હતો. સ્વ અહેમદ પટેલના પુત્ર ફૈસલ પટેલ કોંગ્રેસ છોડવાનો મામલે ભાજપે કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા. ભાજપના પ્રવકતા ડો. યજ્ઞેશ દવેએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના નેતાઓ કામના આડે આવે છે તે સાબિત કરે છે કોંગ્રેસ કેટલી દિશાવિહિન છે. કોંગ્રેસ દિશાવહિન અને નીતિવિહીન છે.

### રાજકોટની શાળામાં ધો.૧૦નો વિદ્યાર્થી

## ક્લાસમાં છરી લઈને પહોંચ્યો અને સાથી મિત્રને ઝીંકી દીધી

**ઇજાગ્રસ્ત વિદ્યાર્થીના માતા-પિતાએ અગાઉ તોફાની વિદ્યાર્થીને સમજાવ્યો હતો, પણ તે સમજ્યો નહોતો**

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

રાજકોટના રેલનગરની આશીર્વાદ સ્કૂલમાં ધોરણ-૧૦નો એક વિદ્યાર્થી છરી લઈને સ્કૂલે પહોંચ્યો અને સાથી મિત્રને ઘા ઝીંકી દેતા તેને ઈજા પહોંચી હતી. ૧૫ વર્ષનો સગીર સ્કૂલ બેગમાં છરી લઈ પહોંચતા ચકચાર મચી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને તપાસ શરૂ કરી છે.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૧૫ વર્ષીય છાત્ર ધોરણ- ૧૦માં અભ્યાસ કરે છે. તે સરળ સ્વભાવનો છે. તેની સાથે જ ભણતો ટીખળખોર વિદ્યાર્થી અવારનવાર તેને હેરાન કરતો હતો. આથી સરળ સ્વભાવના છાત્રે અગાઉ બે વખત સ્કૂલમાં શિક્ષકો અને પ્રિન્સિપાલને ફરિયાદ કરી હતી છતાં તે ટીખળખોર વિદ્યાર્થી તે સરળ છાત્રને હેરાન કરતો. આજે આ છાત્ર સ્કૂલે ગયો હતો. જ્યાં ક્લાસ રૂમમાં તોફાની વિદ્યાર્થીએ પોતાના બેગમાંથી મોટી છરી કાઢી હતી અને સરળ સ્વભાવના છાત્રના હાથમાં ઝીંકી દીધી હતી. જેથી ઘાયલ છાત્ર સીધો શિક્ષક પાસે ગયો હતો. જ્યાં શિક્ષક અને સ્કૂલ સંચાલકે તોફાની વિદ્યાર્થીની બેગ ચેક કરતા મોટી છરી નીકળી હતી. એ પછી છાત્ર ઘરે ગયો અને હાથમાં છરી વાગ્યાની જાણ વાલીને કરી હતી. જેથી તેને સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં હાથની સોનોગ્રાફી અને એક્સરે કરવામાં આવ્યો છે. વાલીના જણાવ્યા પ્રમાણે, સ્કૂલ સંચાલકે આરોપી વિદ્યાર્થીને સ્કૂલમાંથી કાઢી મૂકવાની ખાતરી આપી, પોલીસ ફરિયાદ ના કરવા વિનંતી કરી છે. જોકે, આ મામલે પોલીસ ફરિયાદ કરવી હોવાથી પોલીસને જાણ કરવામાં આવી છે. આ બનાવના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના માતા-પિતાએ અગાઉ તોફાની વિદ્યાર્થીને સમજાવ્યો હતો. પણ તે સમજ્યો નહોતો. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

### મેઘાણીનગરમાં અસામાજીક તત્વોનો આતંક

## મફતનો ચા-નાસ્તો આપવાની ના પાડતા ટી સ્ટોલમાં તોડફોડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરના મેઘાણીનગરમાં અસામાજીક તત્વોના આતંકને કાબુમાં લેવામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ ગઈ હોવાનો ગંભીર આરોપ મેઘાણીનગર પોલીસ પર લગાવવામાં આવ્યો છે. મેઘાણીનગર પોલીસ સ્ટેશનથી નજીકમાં આવેલા બસ સ્ટેશન પાસે ટી સ્ટોલ ચલાવતા યુવકે માથાભારે વ્યક્તિઓને મફતમાં ચા નાસ્તો આપવાની ના પાડતા તેની તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પણ ફરીથી ટી સ્ટોલના વેપારી પર હુમલો કરીને તોડફોડ કરવામાં આવી હતી.

આ બંને ઘટનામાં નોંધાયેલી ફરિયાદમાં સમાધાન કરવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે સ્થાનિક પોલીસને અનેક રજૂઆત કરી હોવા છતાંય, કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા છેવટે ડીસીપી ઝોન-૪ને રજૂઆત કરવામાં આવી છે. શહેરના મેઘાણીનગરમાં આવેલા ગોર્વધન ફ્લેટમાં રહેતા મહેશ કલાલ મેઘાણીનગર છેલ્લાં બસ સ્ટેશન પાસે રાજસ્થાન ટી સ્ટોલના નામે વ્યવસાય કરે છે. ગત ૧૯મી ડિસેમ્બરના રોજ રાતના સાડા આઠ વાગે રાવણ અને ભેડા નામના બે માથાભારે વ્યક્તિઓએ આવીને કોલ્ડ ડ્રીક્સ અને સિગારેટની માંગણી કરી હતી. જે લીધા બાદ મહેશભાઈને પૈસા આપ્યા નહોતા. જેથી મહેશભાઈએ વાંધો ઉઠાવતા બંનેએ ટી સ્ટોલની બહાર તોડફોડ કરી હતી. આ દરમિયાન અન્ય કેટલાંક માથાભારે લોકો પણ આવ્યા હતા અને તમામ લોકોએ તોડફોડ કરીને ધમકી આપી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે ગુનો નોંધીને આરોપીઓની ધરપકડ કરીને કાર્યવાહી કરી હતી. પરંતુ, જામીન મળતા છુટી ગયા હતા અને ધમકી આપી હતી.

### અમદાવાદમાં બેવડી ઋતુથી રોગચાળો વકર્યો

## સોલા સિવિલમાં ઓપીડીની સંખ્યા ૧૨૦૦૦ને પાર થઈ

**સોલા સિવિલની OPDમાં ભીડ જોવા મળી રહી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ધીરે ધીરે રાજ્યમાંથી શિયાળો વિદાય લઈ રહ્યો છે. ત્યારે વહેલી સવારે ઠંડી અને બપોર બાદ શહેરીજનો ગરમીનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી એકાએક બપોર બાદ ગરમીનાં પ્રમાણમાં વધારો થતા શહેરીજનો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. તેમજ ગરમી વધતા રોગચાળાનાં કેસમાં પણ વધારો થયો છે. સોલા સિવિલમાં વાયરલ ઈન્ફેક્શનનાં ૧૦૩ દર્દીઓ દાખલ થયા છે. તેમજ સિવિલ હોસ્પિલટનાં આરએમઓ દ્વારા લોકોને સાવચેતી રાખવા સૂચન પણ કર્યું છે. અમદાવાદ શહેરમાં સવારે ઠંડી અને બપોરે ગરમીનો લોકો અનુભવ કરી રહ્યા છે. જેથી તાવ, ખાંસીનાં કેસોમાં વધારો થયો છે. ત્યારે સોલા સિવિલ હોસ્પિટલમાં OPD માં દર્દીઓની ભીડમાં વધારો થયો છે. ૧૨ હજારથી વધુ દર્દીઓની સંખ્યા નોંધાઈ છે. જેમાંથી ચાર હજાર દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે. આ બાબતે સોલા સિવિલ હોસ્પિટલ ઈર્ર નાં ડો. દેવાંગ શાહે જણાવ્યું હતું કે, શહેરમાં બેવડી ઋતુએ રોગચાળો વધાર્યો છે. તેમજ મિશ્રઋતુનાં કેસ વધતા તબીબોએ લોકોને ચેતવ્યા હતા. તેમજ મિશ્ર ઋતુમાં બહારનું ખાવાનું ટાળવા સૂચન કર્યું હતું. સોલા સિવિલ હોસ્પિટલમાં હાલ વાયરલ ઈન્ફેક્શનનાં ૧૦૩ દર્દીઓ દાખલ કરવામાં આવ્યા છે. બાળકોની ઓપીડી વધતા તબીબે સાવચેતી રાખવા અપીલ કરી છે. તેમજ બાળકોની ઓપીડી ૧૦૦ થી વધુ નોંધાવા પામી છે.

## પહેલા ફેઝનું પરિણામ જુલાઈમાં, છ-સાત મહિનામાં બીજી મોટી જાહેરાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં પોલીસની ભૂમિકા અને સંખ્યાને લઈને સુઓમોટો પિટિશન દાખલ કરવામાં આવી હતી. જ્યારે આ મામલે હાઈકોર્ટે આજે ૧૪ ફેબ્રુઆરીએ સુનાવણી થઈ. સરકારી વકીલે કહ્યું કે, પોલીસ ભરતીમાં બાકી રહેલી ૧૪૨૮૩ જગ્યા માટે બીજા ફેઝની પ્રક્રિયાની ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં નોટિફિકેશન જાહેર કરાશે તેવું જણાવ્યું. જ્યારે પ્રથમ ફેઝ એટલે કે હાલની ભરતીના ૭.૪૫ લાખ ઉમેદવારની લેખિત પરીક્ષા મે યોજાશે.

### રમત-ગમતના અભાવથી બાળકોને વધુ જોખમ

## ગુજરાતમાં દર વર્ષે 3000 બાળકો કેન્સરનો ભોગ બનતા હોવાનો અંદાજ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

કેન્સર જેવા ગંભીર રોગનો ભોગ બનનારા બાળકોનું પ્રમાણ સમયાંતરે વધી રહ્યું છે અને રાજ્યમાં વર્ષે ૩૦૦૦ જેટલા બાળકો વિવિધ પ્રકારના કેન્સરના દર્દી બનતાં હોવાનો ચોંકાવનારો અને ચિંતાજનક અંદાજિત તારણ નિષ્ણાત તબીબોએ આપ્યું છે.

અલબત્ત, આ મામલે સ્પષ્ટ અને વિગતવાર ડેટા અને સરવેનો અભાવ હોવાથી ચોક્કસ આંકડો આપવામાં તબીબો પણ અસમર્થ છે. પરંતુ બાળકોમાં વધતો જંક ફુડનો ક્રેઝ, ઘરની બહાર નીકળીને શારીરિક રમતો અને કસરત વગેરેનો અભાવ હોવાથી તેઓ પણ ઝડપથી કેન્સરની નાગચુડમાં ફસાઈ જતાં હોવાની ચિંતા ડોકટરોએ દર્શાવી છે. બાળકોને કેન્સરથી દૂર રાખવા જંક ફુડ સંપૂર્ણપણે બંધ કરવા અને શક્ત એટલી શારીરિક કસરત અને રમત-ગમત તરફ તેમને વાળવાનું સૂચન તબીબોએ કર્યું છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ સિંધુ ભવનના ઓન્કોલોજી વિભાગના સીનિયર ડૉક્ટર્સે નાની વયથી બાળકોની રોગ પ્રતિકારક ક્ષમતાને મજબૂત કરવાનાં મહત્વ પર ભાર મૂક્યો છે. બાળકોમાં બ્લડ કેન્સર, લિમ્ફોમા, હાડકાં અને બ્રેઈન ટ્યુમર જેવા કેન્સર વધુ પ્રમાણમાં જોવા મળે છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઉપલબ્ધ આંકડાને આધારે ભારતમાં આશરે ૭૫૦૦૦ બાળકોમાં કેન્સરનાં કિસ્સા નોંધાયા છે.

એક ધારણા મુજબ, વર્ષ ૨૦૩૦ સુધીમાં ૨૧ મિલિયન બાળકોમાં કેન્સરનું નિદાન થવાની અપેક્ષા છે. નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ પાસેથી પ્રાપ્ત આંકડાઓ મુજબ, ભારતમાં કેન્સરનાં તમામ કિસ્સાઓમાં અંદાજે ૪ ટકા કિસ્સા બાળકોમાં વિવિધ પ્રકારનાં કેન્સર (૦થી ૧૪ વર્ષની વય ધરાવતા બાળકો)નાં છે. તાજેતરમાં ''બાળકોમાં સામાન્યપણે જોવા મળતાં વિવિધ કેન્સરઃ વાસ્તવિકતા અને ભ્રમ'' શીર્ષક સાથે એક કાર્યક્રમ યોજાયો હતો.

**વિશેષ** પેટ્રોલિયમ પેદાશો, ગેસ, ઈંધણ અને ઊર્જાની બચત કરવા પ્રત્યેક વ્યક્તિએ પોતાની આદતો અને વિચારો બદલવા પડશે : આચાર્ય દેવવ્રતજી

# અમદાવાદમાં તેલ અને ગેસ સંરક્ષણ પખવાડિયા - સંરક્ષણ ક્ષમતા મહોત્સવ 'સક્ષમ'ની રાજ્યવ્યાપી ઉજવણીનો શુભારંભ કરાવતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પેટ્રોલિયમ પેદાશો અને ગેસનો ઉપયોગ ઓછો કરવા ઈંધણ અને ઊર્જાની બચત કરવા પ્રત્યેક વ્યક્તિએ પ્રમાણિકતા પૂર્વક પોતાનું કર્તવ્ય નિભાવવું પડશે. પોતાની આદતો અને વિચારો બદલવા પડશે. હૃદયમાં દેશભક્તિનો ભાવ જાગશે તો જ પરિણામ મળશે.

ભારત સરકારના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા પેટ્રોલિયમ સંરક્ષણ અનુસંધાન સંઘ અને સાર્વજનિક ક્ષેત્રની ઓઈલ કંપનીઓના સંયુક્ત ઉપક્રમે આજથી સંરક્ષણ ક્ષમતા મહોત્સવ - 'સક્ષમ'નો શુભારંભ થયો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે અમદાવાદમાં 'તેલ અને ગેસ સંરક્ષણ પખવાડા'ની ઉજવણીનો શુભારંભ કરાવ્યો હતો. તેલ અને ગેસ સરક્ષણ પખવાડિયામાં "હરિત અને સ્વચ્છ ઊર્જા અપનાવીએ, પર્યાવરણને સ્વચ્છ બનાવીએ" એવા સૂત્ર સાથે આગામી ૧૫ દિવસ સુધી ગુજરાતભરમાં જન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાશે.

અમદાવાદમાં આઈ.સી.એ.આઈ. ભવન ખાતે 'સક્ષમ' નો શુભારંભ કરાવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આપણે નાગરિકો આપણા અધિકારો માટે જેટલા સજાગ છીએ એટલા જ આપણા કર્તવ્ય અને જવાબદારી પ્રત્યે જાગૃત થવાની જરૂર છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ભારતમાં પેટ્રોલ-ડીઝલ સહિત પેટ્રોલિયમ પેદાશોનો કુલ વપરાશ ૨૩૪ મિલિયન મેટ્રિક ટન હતો, તેમાંથી માત્ર ૧૨.૨% જ તેલ-ગેસ માટે ભારત આત્મનિર્ભર છે. બાકીના ૮૮% ઈંધણની આપણે આયાત કરવી પડે છે. જેના માટે ભારત સરકારે ૧૫૬ મિલિયન ડોલર જેટલો જંગી ખર્ચ કરવો પડે છે. આપણો વ્યક્તિગત વપરાશ પણ ગંભીર રીતે વધી



રહ્યો છે. એક તરફ ભારતનો આર્થિક બોજ વધી રહ્યો છે અને બીજી તરફ પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે આપણે સમયસર ચેતી જવાની જરૂર છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે આપણામાં દેશભક્તિનું ઝનૂન હશે તો જ ઈંધણ અને ઊર્જાની બચત માટેનું વાતાવરણ બનશે. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિએ પોતાની જાતથી જ પહેલ કરવાની આવશ્યકતા છે. ગ્લોબલ વૉર્મિંગના દુષ્પરિણામો આપણે ભોગવી રહ્યા છીએ. શુદ્ધ હવા, પાણી અને અનાજ દુષ્કર થઈ રહ્યા છે. પરિણામે આપણી રોગ પ્રતિકારક શક્તિ ઘટી રહી છે. તેલ-ગેસનો વપરાશ ઓછો કરવા તેલ-ગેસ સંરક્ષણ પખવાડાની ઉજવણી અને સંરક્ષણ ક્ષમતા મહોત્સવ જેવા અભિયાનોને જન આંદોલન બનાવવાની જરૂર છે. આ પવિત્ર મિશનમાં સહુ કોઈ પ્રમાણિકતાથી પહેલ કરે તો જ પરિણામ મળશે એમ તેમણે કહ્યું હતું. કાર્યક્રમમાં ગેસ ઑથોરિટી ઑફ ઈન્ડિયા લિમિટેડ-ગેલ ઈન્ડિયાના ઝોનલ જનરલ મેનેજર શ્રી અનંત ખોબરાગડે એ જણાવ્યું હતું કે, મેઈક ઈન ઈન્ડિયા હેઠળ રાષ્ટ્રવ્યાપી પ્રયાવરણ પ્રત્યેની ચિંતા, સ્થાનિક કુદરતી ગેસ ઉત્પાદનમાં પુન પ્રાપ્તિ થકી આત્મનિર્ભર ભારત માટે પહેલ કરાઈ છે. તેમણે જણાવ્યું હતું કે, એક રાષ્ટ્ર,એક ગ્રીડ અને એક ટેરિફના મિશન સાથે આપણે આગળ ધપી રહ્યા છીએ જેનાથી ગ્રાહકોને વિશેષ ફાયદો થનાર છે. અત્રે ઉલ્લેખનીય છેકે વર્ષ ૧૯૯૧ થી નાગરિકોમાં હરિત ઉર્જા સંદર્ભે જાગૃતિ આવે તે હેતુથી પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાયલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રવ્યાપી ઈંધણ સંરક્ષણની પહેલ કરવામાં આવી છે. કાર્યક્રમમાં ગ્રીન એનર્જી સંદર્ભે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું જેમાં ભારતની વિકાસગાથામાં ઊર્જા ક્ષેત્રના વિસ્તૃત અવકાશ પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમમાં સંરક્ષણ ક્ષમતા મહોત્સવ સંદર્ભે ભવિષ્યના રાષ્ટ્ર નિર્માણ માટે પેટ્રોલિયમ પેદાશોના બચત થકી આદર્શ નાગરિક બનવા સૌએ પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના ગુજરાતના મુખ્ય મહાપ્રબંધક શ્રી સંજય ભંડારી, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ક્ષેત્રિય પ્રમુખ શ્રી શુભેન્દુ મોહંતી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના મહા પ્રબંધક શ્રી સુમિત મોહન અને આગેવાનો તથા નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## તમારા બાળકની તંદુરસ્ત દ્રષ્ટિ માટે સૌથી સારા ખોરાક

**જો તમારા બાળકો હોકી જેવી રમતમાં ભાગ લે છે, તો તેમને આંખમાં ઈજા થવાનું જોખમ રહેલું છે**



જ્યારે તમારા બાળકે તેની આંખો ખોલી અને પ્રથમ વખત તમારી તરફ જોયું તે ક્ષણ ખરેખર ખાસ હશે! આ કિંમતી અંગો તેને વિશ્વની પ્રશંસા કરવામાં, નાની વસ્તુઓને ઓળખવામાં અને રંગો, આકારો, ટેક્સચર અને ઘણું બધું સમજવામાં મદદ કરે છે. આંખો પૃથ્વી પર તમારા બાળકનું જીવન પૂર્ણ કરે છે અને તેને પ્રકાશથી ભરી દે છે. તેથી, તેમના આહારમાં યોગ્ય ખોરાકનો સમાવેશ કરીને તેમની સારી કાળજી લેવાની સલાહ આપવામાં આવે છે. તદુપરાંત, આ દિવસોમાં, બાળકો તેમના સમયનો મોટો ભાગ ટીવી સ્ક્રીન અથવા ટેબલેટ જોવામાં વિતાવે છે, જે તેમની દૃષ્ટિ પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી, આંખોની રોશની સુધારતા ખોરાક વિશે જાગૃત રહેવું જરૂરી છે. દ્રષ્ટિ સુધારવા માટેના ખોરાકઃ ઓમેગા-૩ ફેટી એસિડ્સ, લ્યુટીન, ઝીંક અને વિટામીન C અને E એ દ્રષ્ટિની સમસ્યાઓને રોકવા માટે જરૂરી પોષક તત્વો છે. તેથી, જો તમારું બાળક નીચેના ખોરાકનું સેવન કરે તો આંખની ઘણી સામાન્ય સમસ્યાઓનું જોખમ ઘટાડી શકાય છેઃ તેલ યુક્ત માંછલીઓ આપો જેમાં તેમના આંતરડા અને શરીરની પેશીઓમાં તેલ હોય, જેમ કે આહી, રવસ, રોહુ, પોમફ્રેટ અને હિલ્સા. આ ખાસ કરીને સુકી આંખની સ્થિતિ માટે સારી છે. અખરોટ, બ્રાઝિલ નટ્સ, કાજુ, મગફળી અને મસૂરની દાળમાં ઓમેગા-૩ ફેટી એસિડ અને વિટામિન ઈ હોય છે, જે આંખોને ઉંમર સંબંધિત કોઈપણ નુકસાનથી સુરક્ષિત કરે છે. ચિયા, શણ અને શણ જેવા બીજ પણ આ પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે અને તેને તમારા બાળકના દૈનિક આહારમાં સામેલ કરવા જોઈએ. તમે આને સ્મૂધી અથવા દહીં પર ભભરાવી શકો છો. લીંબુ, નારંગી, ગ્રેપફ્રૂટ અને સ્ટ્રોબેરી જેવા ખાટાં ફળો વિટામિન સી થી સમૃદ્ધ છે, જે એન્ટીઑક્સિડન્ટ છે અને વય-સંબંધિત આંખની સમસ્યાઓ સામે લડે છે. તેથી, જ્યારે તમારું બાળક મોટું થશે ત્યારે તેઓ મદદ કરશે. પાલક જેવા પાંદડાવાળા શાકભાજીમાં લ્યુટીન, ઝેક્સાન્થિન અને વિટામિન સી હોય છે, જે આંખના સારા સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્વો છે. ગાજર વિટામીન એ અને કેરોટીનોઈડ બંનેથી સમૃદ્ધ છે (કેરોટીનોઈડ નારંગી રંગ આપે છે). વિટામિન એ રોડોપ્સિનનો જરૂરી ભાગ છે, એક પ્રોટીન જે રેટિનાને પ્રકાશ શોષવામાં મદદ કરે છે. આમ, ગાજર એ ટોચના ખોરાકમાંનો એક છે જે દ્રષ્ટિને ઝડપ થી સુધારે છે. શક્કરીયામાં બીટા કેરોટીન અને વિટામીન E ભરપૂર માત્રામાં હોય છે. હવે, રેટિના અને રેટિના આસપાસના રક્તવાહિની પેશીઓ ઝીંક હોય છે. તેથી, નબળી દ્રષ્ટિ સુધારવા માટે આહારમાં ઝીંકનો સમાવેશ કરવો જરૂરી છે. ઈંડા આંખોના એકંદર સ્વાસ્થ્યને જાળવી શકે છે, કારણ કે તેમાં લ્યુટીન, ઝેક્સાન્થિન, વિટામિન સી, ઈ, અને ઝીંક હોય છે. હાઈડ્રેશન પણ મહત્વનું છે કારણ કે તે સૂકી આંખોને અટકાવે છે. તેથી, જ્યારે પણ તમે તમારા બાળકને લ્યુટીન અને ઝેક્સાન્થિનથી ભરપૂર ખોરાક આપતા હો, ત્યારે તેના આહારમાં ઓલિવ તેલ અથવા એવોકાડો જેવી તંદુરસ્ત ચરબીનો સમાવેશ કરવાનું યાદ રાખો. આ રીતે, તેનું શરીર ચરબી સરળતાથી શોષી શકે છે. જો તમારા બાળકને નિયમિત ખોરાકમાંથી પૂરતા પોષક તત્વો ન મળતા હોય, તો આંખના આરોગ્યના પૂરક વિશે આંખના ડૉક્ટરની સલાહ લો. બાળકોની આંખોને નુકસાનથી બચાવવા માટે, તંદુરસ્ત આહારની સાથે અન્ય સાવચેતી રાખવી જરૂરી છે. તેમાંના કેટલાક આ પ્રમાણે છેઃ જો તમે તમારા બાળકોને બહાર લઈ જઈ રહ્યા છો, તો ખાતરી કરો કે તેઓ યોગ્ય પ્રકારના શેડ્સ પહેરે છે જે તેમની આંખોને યુવી કિરણોથી સુરક્ષિત કરી શકે છે. આ કિરણોના વધુ પડતા સંપર્કમાં ભવિષ્યમાં મોતિયા અને અન્ય દ્રષ્ટિની સમસ્યાઓનું જોખમ વધી શકે છે. જો તમારા બાળકો હોકી જેવી રમતમાં ભાગ લે છે, તો તેમને આંખમાં ઈજા થવાનું જોખમ રહેલું છે. તેથી, તેમને હેલ્મેટની જેમ રક્ષણાત્મક ગિયર પહેરવા દો જે સમગ્ર ચહેરાને આવરી લે. લાંબા સમય સુધી કોમ્પ્યુટર, ટેલિવિઝન અથવા ફોનની સ્ક્રીન તરફ જોવાથી અસ્પષ્ટ દ્રષ્ટિ, આંખમાં તાણ, સૂકી આંખો, માથાનો દુખાવો અને શરીરના ઉપરના ભાગમાં દુખાવો પણ થઈ શકે છે. તેથી, તમારા બાળકો માટે સ્ક્રીન સમય મર્યાદિત કરો.

# કેટલાક પ્રોબાયોટીક્સને સ્વાસ્થ્ય માટે અનુકરણીય ખોરાક અને તેમના ફાયદા

**પ્રોબાયોટીક્સ ધરાવતા ખોરાકની માંગ તેના સંભવિત સ્વાસ્થ્ય લાભો સૂચવતા વૈજ્ઞાનિક પુરાવાઓને કારણે વૈશ્વિક પ્રશંસા મેળવી રહી છે**

પ્રોબાયોટીક્સને "સ્વાસ્થ્ય-મૈત્રીપૂર્ણ બેક્ટેરિયા" તરીકે ઓળખવામાં આવે છે અને તે જીવંત સુક્ષ્મસજીવોનો સંદર્ભ આપે છે જે આથોવાળા ખોરાક અને કલ્ચર્ડ દૂધમાં હાજર હોય છે. જ્યારે પર્યાપ્ત માત્રામાં સેવન કરવામાં આવે છે, ત્યારે તેઓ સ્વાસ્થ્ય માટે, ત્વચાને ફાયદો પહોંચાડવાથી લઈને રોગપ્રતિકારક શક્તિ વધારવા સુધી વિવિધ સાનુકૂળ ગુણધર્મો દર્શાવે છે. અમે વિવિધ પ્રોબાયોટિક ખોરાક અને તમે તેનો લાભ કેવી રીતે લઈ શકો તે વિશે વાંચો! કેટલાક પ્રોબાયોટીક્સને સ્વાસ્થ્ય માટે અનુકરણીય ગણવામાં આવે છે. નીચેના કેટલાક પ્રકારો છેઃ લેક્ટોબેસિલસ એ માનવ જઠરાંત્રિય અને જીનીટોરીનરી માર્ગોમાં લેક્ટિક એસિડ ઉત્પન્ન કરતા બેક્ટેરિયાના જૂથનો ઉલ્લેખ કરે છે. તેઓ "મૈત્રીપૂર્ણ" બેક્ટેરિયા ગણવામાં આવે છે અને ખનિજોની જૈવઉપલબ્ધતા વધારવા જેવા પોષણ લાભો પૂરા પાડે છે. પ્રજાતિઓમાં પ્લાન્ટેરમ, બલ્ગેરિકસ અને સ્પ ોરોજનીસ. બાયફિડોબેક્ટેરિયમ પ્રજાતિઓ; બિફિડોબેક્ટેરિયમ ગ્લુકોઝનો ઉપયોગ કરે છે અને પરિણામે, પેટા-ઉત્પાદનોના સ્વરૂપમાં લેક્ટિક અને એસિટિક એસિડનું ઉત્પાદન કરે છે. બાયફિડોબેક્ટેરિયમ ઈન્ફનિસ આ વર્ગના પ્રોબાયોટીક્સનું ઉદાહરણ છે. બેસિલસ કોગ્યુલન્સ એ લેક્ટિક એસિડ ઉત્પન્ન કરનાર બેક્ટેરિયા છે, જે હાનિકારક બેક્ટેરિયાને ચાર્જ લેવાથી અને આપણી સિસ્ટમ પર પ્રભુત્વ કરતા ઘટાડી શકે




છે. દહીં એક લોકપ્રિય આથો ડેરી ઉત્પાદન છે અને વાહક ખોરાક તરીકે પ્રોબાયોટીક્સના શ્રેષ્ઠ સ્ત્રોતોમાંનું એક છે. આપણા શરીરને જરૂરી લગભગ તમામ આવશ્યક એમિનો એસિડ્સ પૂરા પાડવા ઉપરાંત, જ્યારે તે ગળવામાં આવે ત્યારે તે નોંધપાત્ર પ્રમાણમાં મદદરૂપ બેક્ટેરિયા પણ પહોંચાડી શકે છે. તે લેક્ટોઝ સહિષ્ણુતા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને જઠરાંત્રિય વિકૃતિઓના નિવારણ માટે અસરકારક હોવાનું માનવામાં આવે છે. કેફિર એ ડેરી ઉત્પાદન પણ છે, અને તે લેક્ટિક એસિડ બેક્ટેરિયા અને યીસ્ટ દ્વારા દૂધના આથો દ્વારા ઉત્પન્ન થાય છે. કેફિર એક પ્રોબાયોટિક સમૃદ્ધ ખોરાક ગણવામાં આવે છે અને સીધા આરોગ્ય લાભો શ્રેણી સાથે સંકળાયેલ છે. આ ફાયદાઓમાં એન્ટિમાઈક્રોબાયલ પ્રવૃત્તિ અને ગાંઠને દબાવવાનો સમાવેશ થાય છે અને ઘા રૂઝાવવાની ઝડપ ઝડપી કરી શકે છે. અન્ય આથો દૂધ ઉત્પાદનોની તુલનામાં, ચીઝ માનવ આંતરડામાં સૂક્ષ્મ જીવો પહોંચાડવા માટે ઉપયોગી વાહક તરીકે સેવા આપી શકે છે. ચીઝની ગાઢ રચના, ખાસ કરીને તાજી ચીઝ, તેને ફાયદાકારક સુક્ષ્મસજીવો પહોંચાડવામાં મદદ કરવા માટે પ્રોબાયોટિક ખોરાક બનાવી શકે છે. આ હેલ્ધી ચીઝ મેકરોની રેસીપી તમારા બાળકોના ચહેરા પર ચોક્કસ સ્મિત લાવશે. તે દહીં આધારિત પીણું છે અને ભારતીય મૂળનો પ્રોબાયોટિક ખોરાક છે. તે ફાયદાકારક સુક્ષ્મસજીવોના વિકાસને વેગ આપવામાં મદદ કરે છે અને આંતરડાની પ્રવૃત્તિઓની સરળ પ્રક્રિયાને સક્ષમ કરવા સાથે પણ સંકળાયેલું છે. લસ્સી કોલેસ્ટ્રોલના સ્તરને જાળવવામાં પણ ભૂમિકા ભજવી શકે છે. કોમ્બુચા કાળી અથવા લીલી ચામાં બેક્ટેરિયા અને યીસ્ટના તાણ ઉમેરીને તૈયાર કરવામાં આવે છે. પરિણામી પીણું એસિટિક અને ગ્લુકોનિક એસિડથી સમૃદ્ધ છે, જેની હાજરી ખાટા સ્વાદ આપે છે. કોમ્બુચાના પ્રોબાયોટિક ફાયદા કુદરતી રીતે બનતા સુક્ષ્મસજીવોની વિવિધતાને કારણે છે જે એન્ટિવાયરલ, એન્ટિબેક્ટેરિયલ અને એન્ટિફંગલ અસરો વ્યક્ત કરે છે. વિવિધ શાકભાજી જેમ કે કોબી, કાકડી, મૂળો, ઓલિવ અને ગાજરને સાચવવા માટે પ્રાચીન સમયથી લેક્ટિક આથો લાવવામાં આવે છે. શાકભાજીના પ્રોબાયોટિક આથોને આરોગ્યપ્રદ અને સલામત ગણવામાં આવે છે અને તે ખોરાકમાં સારા બેક્ટેરિયાના સંવર્ધનના સાધન તરીકે કામ કરે છે.

## શિયાળાને હુંફાળો અને આરોગ્યપ્રદ બનાવવા માટે કેટલાક ખોરાકના નિયમો

**આહાર જે શિયાળા ને સુરક્ષિત અને હુંફાળો બનાવી શકે છે, શિયાળાના મહિનાઓમાં મોસમી શાકભાજીની શક્તિને ક્યારેય ઓછી આંકશો નહીં**

ઠંડીના મહિનાઓ માત્ર તમારા હાડકાં જ નથી ઠારી દેતાં, પરંતુ તમને હતાશા અને સુસ્તીનો અનુભવ પણ કરાવે છે. તેથી, કલ્પના કરો કે તે તમારા નાના બાળકો માટે શું કરી શકે છે! શરદી બાળકોમાં એકાગ્રતા અને શકિત ને ઘટાડી શકે છે, ભૂખમાં ફેરફાર કરી શકે છે અને ઊંઘની રીત ને અસર કરી શકે છે. બાળકોને શરદી, ફ્લૂ અને તાવ પણ આવી શકે છે. તેથી, તેમને ગરમ શિયાળાના વસ્ત્રો પહેરાવતા ઉપરાંત, તમારે તેમના શિયાળાના આહાર પર ધ્યાન આપવાની જરૂર છે. તાજા મોસમી સામગ્રી સાથે તૈયાર કરેલ ગરમ ખોરાક ઠંડા મહિનાઓને સહન કરી શકાય તેવું અને સુખદ પણ બનાવી શકે છે. યાદ રાખો કે શિયાળા દરમિયાન પણ ચયાપચયની ક્રિયા ધીમી પડી જાય છે, અને તેથી તમારે પેટ ભરી, સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ તેમજ પચવામાં સરળ એવી વાનગીઓ પીરસવાની જરૂર છે. આહાર જે શિયાળા ને સુરક્ષિત અને હુંફાળો બનાવી શકે છે, શિયાળાના મહિનાઓમાં મોસમી શાકભાજીની શક્તિને ક્યારેય ઓછી આંકશો નહીં. પ્રથમ, તે તાજા રહે તે માટે તેમને ઠંડા તાપમાને વર્ગીકૃત કરવામાં આવે છે. તેથી, તમારે વારંવાર બહાર નીકળવું પડશે નહીં, કારણ કે તમે સરળતાથી એક અઠવાડિયા માટે તમારા ફ્રિજ અથવા પેન્ટ્રીને સ્ટોક કરી શકો છો. બીજું, શાકભાજીમાં ભરપૂર ફાઈબરની માત્રા તમારા બાળકની પાચનક્રિયાને સરળ બનાવશે. પાલક અને પેપરમિન્ટ જેવા શાકભાજી જરૂરી કાર્ય કરી શકે છે (પરંતુ જો વરસાદ પડે તો, પરોપજીવીઓ અને જંતુઓથી બચવા માટે ઘણા બધા લીલા શાકભાજી થી દૂર રહો). શાકભાજીને રાંધતા પહેલાં તેને સારી રીતે સાફ કરવાની ખાતરી કરો.

# વિટામિન ડી સારા સ્વાસ્થ્ય માટે આવશ્યક સનશાઇન વિટામિન

**વિટામિન ડી શરીરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને હાડકાં, આંતરડા, સ્નાયુઓ અને મગજ તેમજ રોગપ્રતિકારક અને રક્તવાહિની તંત્રને પ્રભાવિત કરે**

વિટામિન ડી એ ચરબીમાં દ્રાવ્ય વિટામિન છે કારણ કે તે આપણા કોષો દ્વારા શોષાય તે માટે આપણા આહારમાં ચરબીની હાજરી જરૂરી છે. તે અજોડ છે કારણ કે તે હોર્મોન તરીકે કાર્ય કરે છે અને જ્યારે આપણી ત્વચા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે ત્યારે બનાવી શકાય છે. જો કે, આ સૂર્યપ્રકાશ વિટામિનનો સતત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે વિટામિન ડી સમૃદ્ધ ખોરાક લેવો પણ જરૂરી છે . આ પોષક તત્વ તમારા માટે અને વિટામિન ડી ધરાવતા ખોરાક માટે શા માટે મહત્વપૂર્ણ છે તે શોધવા માટે આગળ વાંચો. વિટામિન ડીનું મહત્વ, વિટામિન ડી ધરાવતા ખોરાક એ આહારનો આવશ્યક ભાગ છે કારણ કે વિટામિન ડી નીચેના કાર્યોમાં મદદ કરી શકે છેઃ હાડકાના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છેઃ વિટામિન ડી આંતરડામાં કેલ્શિયમ અને ફોસ્ફેટના શોષણમાં મદદ કરે છે અને હાડકાના સારા સ્વાસ્થ્યને જાળવવામાં સામેલ છે. વિટામિન ડી એ સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરે છે કે કેલ્શિયમ જે ખોરાક દ્વારા લેવામાં આવે છે તે વધુ સારી રીતે શોષાય છે. કોષોના વિકાસને સરળ બનાવે છેઃ વિટામિન ડી કોષોના વિકાસ અને પરિપક્વતામાં પણ ભૂમિકા ભજવે છે. સેલ્યુલર અનિયમિતતાઓને રોકવા માટે આ એક ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય છે. ઈન્સ્યુલિન સ્ત્રાવઃ ઈન્સ્યુલિન એ આપણા સ્વાદુપિંડ દ્વારા લોહીમાં શર્કરાના



સ્તરને સ્થિર કરવા અને ડાયાબિટીસને રોકવા માટે સ્ત્રાવતું હોર્મોન છે. વિટામિન ડી ઈન્સ્યુલિનના સ્ત્રાવના નિયમન માટે પણ મહત્વપૂર્ણ છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છેઃ વિટામિન ડીનું પૂરતું પ્રમાણ કાર્ડિયોવેસ્ક્યુલર રોગોના જોખમને ઘટાડવામાં મદદ કરી શકે છે. કેવી રીતે? વિટામિન ડી રેનિન નામના હોર્મોનના સ્ત્રાવને ઘટાડી શકે છે, જેની હાજરી બ્લડ પ્રેશરમાં વધારો કરે છે. રોગપ્રતિકારક શક્તિ માટે આવશ્યકઃ વિટામિન ડીની ઉણપ ચેપ અને રોગો સાથે જોડાયેલી છે કારણ કે રોગપ્રતિકારક તંત્રના કાર્યોને નિયંત્રિત કરવા માટે વિટામિન ડી જરૂરી છે . તેથી, તમારા આહારમાં વિટામિન ડીના સ્ત્રોતોનો સમાવેશ તમારા સ્વાસ્થ્ય માટે સર્વોપરી છે.

# ટીનેજર્સમાં તંદુરસ્ત વૃદ્ધિ માટે પ્રોટીનથી ભરપૂર ખોરાક

**દરેક ટીનેજર્સને યોગ્ય વૃદ્ધિ અને વિકાસ માટે પ્રોટીનયુક્ત ખોરાકની જરૂર હોય છે, ખાસ કરીને જ્યારે રમતગમત અને એથ્લેટિક્સમાં સામેલ હોય**




ટીનેજર્સ ઘણીવાર સક્રિય જીવનશૈલી જીવે છે, તેમના અભ્યાસને ઘણી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સાથે સંતુલિત કરે છે. રમતગમત હોય કે સંગીત; તેઓ હંમેશા નવા વિચારોને સમજવા અને નવા ખ્યાલો શીખવા માટે આતુર હોય છે. ઘણું બધું કરવા સાથે, શરીરને યોગ્ય રીતે કાર્ય કરવા માટે તેમને યોગ્ય ભોજનની જરૂર છે. જો ટીનેજર્સને યોગ્ય ભોજન ન મળતું હોય, તો તેઓ બિનઆરોગ્યપ્રદ ખોરાકનો સ્વાદ લે છે અને આવા આહારના વ્યસની બની જાય છે. ટીનેજર્સ માટે પ્રોટીન શા માટે મહત્વનું છે? જેમ જેમ બાળકો તરુણાવસ્થામાં આવે છે, તેમ તેઓ ઝડપથી વૃદ્ધિ પામે છે. તેમના સમગ્ર શરીરમાં પરિવર્તન થાય છે, જેનાથી તેઓ શારીરિક, માનસિક, બૌદ્ધિક અને ભાવનાત્મક રીતે વૃદ્ધિ પામે છે. આ તે સમય છે જ્યારે તેમની ભૂખ પણ વધી જાય છે. આ માટે પ્રોટીન, સ્વસ્થ કાર્બોહાઈડ્રેટ્સ, ચરબી, વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર આહારની જરૂર છે. પ્રોટીન એ એક મહત્વપૂર્ણ પોષક તત્ત્વો છે જે શરીરને બળ આપે છે અને ટીનેજર્સને સુસ્તીનો ભોગ બન્યા વિના સક્રિય જીવનશૈલી જાળવવામાં મદદ કરે છે. અનિવાર્યપણે, પ્રોટીન એમિનો એસિડથી બનેલું હોય છે, જેને શરીરના નિર્માણ બ્લોક્સ તરીકે ગણવામાં આવે છે. ટીનેજર્સ માટે પ્રોટીનથી ભરપૂર ખોરાક એ સુનિશ્ચિત કરે છે કે,તેમના સ્નાયુઓના યોગ્ય વિકાસને સક્ષમ કરીને તેમની શારીરિક વૃદ્ધિમાં વિક્ષેપ ન આવે, સાથે સાથે તેમની ઊંચાઈ પણ વધે છે. ટીનેજર્સ માટે પ્રોટીન ખોરાક તેમની ઈંધણની ટાંકી ભરવામાં મદદ કરે છે અને તેમને આખો દિવસ ઊર્જાવાન રહેવા દે છે. જ્યારે શરીર પ્રોટીનને શોષી લે છે, ત્યારે આ પોષક તત્વ સમગ્ર શરીરમાં ઓક્સિજનનું વહન કરે છે, બીમારીઓ અને ચેપને અટકાવવા માટે એન્ટિબોડીઝ બનાવવામાં મદદ કરે છે અને નવા બનાવતી વખતે તંદુરસ્ત કોષોને ટકાવી રાખે છે. ટીનેજર્સ માટે પ્રોટીનયુક્ત ખોરાકનો આહાર બનાવવાથી તેમના શરીરને જ્યારે પણ જરૂર પડે ત્યારે સ્નાયુઓનું સમારકામ કરવાની મંજૂરી મળે છે. જ્યારે કેલરીની માત્રા ઓછી હોય છે, ત્યારે શરીરને પ્રોટીનને તોડવું અને ઊર્જા ઉત્પન્ન કરવાનું મુશ્કેલ લાગે છે. આના લીધે આખરે શરીરમાં પ્રોટીનની ઉણપ તરફ દોરી જાય છે, થાક, નબળાઈ, એકાગ્રતાનો અભાવ, વાળ ખરવા, ત્વચાની સમસ્યાઓ અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓને આમંત્રણ આપે છે. ટીનેજર્સ માટે પ્રોટીન કેટલું છે? ટીનેજર્સ માટે પ્રોટીનયુક્ત ખોરાકની પસંદગી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ કારણ કે,તે વય, લિંગ, વજન અને વિકાસના તબક્કાના આધારે બદલાય છે. મનુષ્યને સામાન્ય રીતે તેમના શરીરના વજનના કિલોગ્રામ દીઠ આશરે ૧ ગ્રામ પ્રોટીનની જરૂર હોય છે. જો તમારા બાળકનું વજન ૩૨ કિલો છે, તો તેને ૩૨ ગ્રામ પ્રોટીન આપો. જો કે, અત્યંત સક્રિય ટીનેજર્સ, જેમ કે રમતવીરો અથવા આઉટડોર સ્પોર્ટ્સ અથવા એડવેન્ચર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકો માટે આ દૃશ્ય થોડું અલગ થઈ જશે. પ્રોટીન માટેની તેમની જરૂરિયાત વધુ હોઈ શકે છે, જે વધુ ઉચ્ચ-પ્રોટીન આહાર માટે બોલાવે છે. તેથી, ટીનેજર્સ માટે ઉચ્ચ પ્રોટીન આહારને ધાબળા નિવેદન તરીકે ન લેવો જોઈએ. રોજિંદા ધોરણે મહત્તમ પ્રોટીન મેળવવા માટે, ટીનેજર્સ માટે પ્રોટીન ખોરાકને તેમના ભોજનમાં સરખે ભાગે વહેંચવા જોઈએ, જેમાં નાસ્તાનો સમાવેશ થાય છે. ટીનેજર્સ માટે પ્રોટીન ખોરાક, કિશોરવયનું જીવન મુશ્કેલ છે કારણ કે તમારી સ્વાદ કળીઓ વિવિધ પ્રકારના મોઢામાં પાણી લાવનાર જંક ફૂડ્સ સાથે પરિચયમાં આવે છે, પરંતુ તેનો વધુ પડતો આનંદ લેવો ગંભીર મુશ્કેલીને આમંત્રણ આપી શકે છે. પરંતુ શું તમે જાણો છો કે ટીનેજર્સ માટે ઉચ્ચ પ્રોટીન ખોરાક પણ સ્વાદિષ્ટ હોઈ શકે છે? અહીં કેટલાક વિકલ્પો છે જે તમારી તૃષ્ણા અને સ્વાસ્થ્ય બંને માટે સારા છે.

# વજન વધારવા માટે ટોચના આરોગ્યપ્રદ આહાર

**યોગ્ય આહાર લેવા ઉપરાંત, ખાતરી કરો કે તમને દરરોજે પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને કેલરી મળી રહી છે**

વજન વધારવું મુશ્કેલીજનક હોવું જરૂરી નથી. વજન વધારવાના આહારને અનુસરવાનો પ્રયત્ન કરો અને આખા અનાજ, નટ્સ, ઈંડા અને બીજું ઘણું બધું વજન વધારવા જેવા આહારને ખાવાનો પ્રયાસ કરો, જે વજન ઘટાડવાનું કેકવોક કરવા જેટલું સરળ બનાવી શકે છે. કોઈનું વજન વધારવાની ઈચ્છા થવાના ઘણા કારણો હોઈ શકે છે, પછી ભલે તે તેની મનપસંદ રમતમાં ભાગ લેવો હોય કે પછી ફક્ત તેની શરીરથી વધુ આરામથી જીવવા માટે. ગમે તે કારણ હોય, પણ યોગ્ય માત્રામાં યોગ્ય ખોરાક ખાવાથી વજન સરળતાથી વધી શકે છે, જેની ચર્ચા આપણે નીચે કરીશું. લોકપ્રિય ધારણાથી વિપરીત, વજન વધારવાનું ભોજન બિનઆરોગ્યપ્રદ હોવું જરૂરી નથી. આખો દિવસ જંકફૂડ ખાવાથી તમારું વજન વધશે એ વાત સાચી, પણ એમાંથી મોટા ભાગની ચરબી હશે. તેથી, તમારું




વજન વધારવાનો આહાર તળેલા ખોરાક અને સુગરયુક્ત પીણાંથી ભરેલો હોવો જરૂરી નથી. તેના બદલે તેમાં કેલરીથી ભરપૂર, પૌષ્ટિક આહાર હોવો જરૂરી છે. આ આર્ટિકલમાં અમે તમને કેટલાક સંશોધન કરેલા આહારના વિકલ્પ વિશે જણાવીશું, જે તમને આરોગ્યપ્રદ રીતે વજન વધારવામાં મદદરૂપ થશે. વજન વધારવા માટેના આ સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ ખોરાક તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તમારા શરીરને જરૂરી તમામ પોષક તત્વો પ્રદાન કરતી વખતે તમને સંપૂર્ણ રાખશે! વજન વધારવામાં મદદરૂપ થાય તેવા ૫ આરોગ્યપ્રદ આહાર, જો તમે આરોગ્યપ્રદ રીતે તે વજનના માપદંડમાં કેટલાક વધુ અંકો ઉમેરવા માંગતા હોવ તો અહીં પાંચ આરોગ્યપ્રદ આહાર છે જે તમને તમારી ખરીદીની સૂચિમાં ઉમેરવાની જરૂર છે! વજન વધારવાના ભોજનની સૂચિમાં આગળની વસ્તુ આખા અનાજ છે. આખા અનાજ પોષક તત્વોનો ઉત્તમ સ્ત્રોત છે અને તે તમને વજન વધારવામાં આરોગ્યપ્રદ રીતે મદદ કરી શકે છે. તેમાં ફાઈબરનું પ્રમાણ વધારે હોય છે, જે જમ્યા પછી તમને પેટ ભરેલું અને સંતુષ્ટ રાખવામાં મદદ કરે છે. તદુપરાંત, આખા અનાજમાં જટિલ કાર્બોહાઈડ્રેટ્સ હોય છે જે શરીર દ્વારા ધીમે ધીમે તૂટી જાય છે, જે લાંબા સમય સુધી ટકી રહે તેવી ઊર્જા પૂરી પાડે છે. વજન વધારવાના ખોરાકની સૂચિમાં આગળ છે નટ્સ. નટ્સમાં આરોગ્યપ્રદ ચરબી, પ્રોટીન અને ફાઈબર હોય છે. આ બધા પોષક તત્વો વજન વધારવાની ભૂમિકા ભજવે છે. નટ્સ તમારી પાચક શક્તિને યોગ્ય રીતે કાર્યરત રાખવામાં અને નિયમિતતાને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. વધુમાં, નટ્સ એ ઓમેગા -૩ ફેટી એસિડ સહિત આરોગ્યપ્રદ ચરબીનો સારો સ્ત્રોત છે, જે તમારા એકંદર સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તમે વજન વધારવા માટે આહારની શોધમાં હોવ, તો દરરોજે મુઠ્ઠીભર નટ્સ ખાવાનું લક્ષ્ય રાખો. તમારા ભાગના કદ પર ધ્યાન આપવાની ખાતરી કરો, કારણ કે નટ્સમાં કેલરીનું પ્રમાણ વધારે હોય છે. સૌ પ્રથમ, વજન વધારનાર ખોરાક ઈંડા છે. વજન વધારનારા ખોરાકની યાદીમાં બીજી વસ્તુ દૂધ છે. ઘણા લોકો માને છે કે વજન વધારવા માટે દૂધ એક ઉત્તમ રીત છે. ભેંસના દૂધમાં સૌથી વધુ કેલરી, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ અને ચરબીની ટકાવારી હોય છે.

## તંત્રી લેખ...

### મફત સુવિધાઓ અને સીધા નાણાં આપનારી યોજનાઓ લોકોને કામચોર બનાવી રહી છે

ભારતીય રાજકારણમાં ઉધઈની જેમ લાગેલા રેવડી કલ્ચર પર સુપ્રીમ કોર્ટે કરેલી તાજી ટિપ્પણી દરેક પક્ષોએ ધ્યાનમાં લેવી જોઈએ. બેઘર વ્યક્તિઓ માટે પૂરતા આશ્રયની માંગ કરતી એક જનહિત અરજીની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી કે મફત સુવિધાઓ અને સીધા નાણાં આપનારી યોજનાઓ લોકોને કામચોર બનાવી રહી છે અને લોકો કામ કરવાથી બચી રહ્યા છે. તમામ રાજકીય પક્ષોએ આ ટિપ્પણી પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે એ વિચારોત્તેજક પ્રશ્ન પણ કર્યો કે શું એવું કરીને આપણે લોકોને પરજીવી નથી બનાવી રહ્યા? નિઃસંદેહ એવું જ કરવામાં આવી રહ્યું છે અને તેની પુષ્ટિ એનાથી થાય છે કે કેટલાય રાજ્યોમાં ઉદ્યોગોને બીજા રાજ્યોથી શ્રમિક લાવવા પડી રહ્યા છે. તથ્ય એ પણ છે કે કેટલાક ઉદ્યોગો શ્રમિકોની અછતની ફરિયાદ કરી રહ્યા છે. એ સંભવ છે કે રેવડીછાપ યોજનાઓની વકીલાત કરનારા સુપ્રીમ કોર્ટની ટિપ્પણી પર કિંતુ-પરંતુ કરે, પરંતુ એ સત્યથી ન તો ઈન્કાર કરી શકાય કે જો કશું કર્યા વિના લોકોને નાણાં અથવા મફત સુવિધાઓ અપાય છે તો કેટલાક લોકો એવા પણ હોવાના જ, જેઓ કામ કરવાથી બચશે. તેમને જ્યારે મફત અનાજ, વીજળી-પાણી અને અન્ય સુવિધાઓ સાથે રોકડ રકમ પણ મળશે તો તેઓ કામ કરવાનું શું કામ પસંદ કરશે? સુપ્રીમ કોર્ટની ટિપ્પણીના આધારે એવો કોઈ નિષ્કર્ષ કાઢવો અયોગ્ય રહેશે કે શીર્ષ અદાલત જનકલ્યાણકારી યોજનાઓની ઉપયોગિતા પર સવાલ ઊભા કરી રહી છે, કારણ કે તેણે એ પણ કહ્યું કે રેવડીઓ વહેંચવાને બદલે લોકોને મુખ્યધારાનો હિસ્સો બનાવાય તે સારું રહેશે. કમજોર લોકો માટે આર્થિક ઉત્થાન માટે યોજનાઓ ચલાવવી જ જોઈએ, પરંતુ એ પ્રકારે કે લોકો પોતાની આવક વધારવા અને સ્વાવલંબી બનવા માટે તત્પર થાય. તેનાથી જ તેઓ પોતાના અને દેશના આર્થિક ઉત્થાનમાં સહાયક બની શકશે. હાલમાં જનકલ્યાણ અને ગરીબી નાબૂદીના નામે એવી કેટલીય યોજનાઓ ચાલી રહી છે જે લોકોને આર્થિક રૂપે પોતાના પગ પર ઊભા કરવા માટે પ્રેરિત નથી કરી શકતી. એવી યોજનાઓ કમજોર વર્ગોના આર્થિક ઉન્નતિમાં સહાયક બનવાને બદલે તેમને આશ્રિત બનાવે છે. લોકોને સહાય માટે સરકારી યોજનાઓ પર નિર્ભર બનાવી રાખવા તેમને એક રીતે પંગુ કરવા સમાન જ છે. સારું રહેશે કે આપણા નીતિ-નિયંતાઓ એ સમજે કે કોઈ ગરીબ માછીમારને માછલી આપવા કરતાં બહેતર હોય છે કે તેને માછલી પકડવામાં સક્ષમ બનાવવો. એ સાચું કે સુપ્રીમ કોર્ટે રેવડીવાળી યોજનાઓ પર કોઈ આદેશ-નિર્દેશ આપવાને બદલે એક ટિપ્પણી જ કરી છે, પરંતુ તેનાથી તેની ગંભીરતા ઓછી નથી થતી. જોકે ભૂતકાળમાં પણ તે કહી ચૂકી છે કે આ ઠીક નથી કે રાજકીય પક્ષો વોટ મેળવવા માટે મફતખોરીની યોજનાઓ લાવતા જાય છે. દુર્ભાગ્યે તેની રાજકીય પક્ષો પર કોઈ અસર ન પડી.

**સરસ્વતીના ઉપાસકો હોય એ સરસ્વતીની વસંત પંચમીને દિવસે ઉપાસના કરે છે અને શબ્દ સાધનાની શરૂઆત માટે સરસ્વતી ઉપાસના બહુ જ જરૂરી છે**

# એ યુવાનો વેલેન્ટાઇન ડે ની ડેટ પર જતાં પહેલાં જરા થોભો



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આધુનિક સંસ્કૃતિ મુજબ આ તહેવાર સાત કે આઠ ફેબ્રુઆરીથી શરૂ થાય છે, અને જુદા જુદા ડે એટલે કે પ્રપોઝ ડે થી શરૂ કરી અને કિસ ડે સુધીના બધા જ ડે ઉજવવામાં આવે છે.**

વેલેન્ટાઈન ડે આપણી સંસ્કૃતિ છે કે નહીં એનાં વિવાદમાં પડ્યા વગર અને એકબીજાની વિચારધારાનો વિરોધ કર્યા વગર વેલેન્ટાઈન ડે ની ડેટ પર જતા પહેલા આટલું અવશ્ય વિચારો.. ફેબ્રુઆરી મહિનો આવે અને જુવાનિયાઓનો ઉત્સાહ વધી જાય અને આજકાલ તો જુવાની પણ વહેલી આવે છે, એટલે એ રીતે ૧૬/ ૧૭ વરસથી ૨૬ /૨૭ વર્ષના બધા જ યુવક યુવતીઓ ૧૪ ફેબ્રુઆરી એટલેકે વેલેન્ટાઈન ડે ઉજવવા માટે તલપાપડ થઈ જાય. આધુનિક સંસ્કૃતિ મુજબ આ તહેવાર સાત કે આઠ ફેબ્રુઆરીથી શરૂ થાય છે, અને જુદા જુદા ડે એટલે કે પ્રપોઝ ડે થી શરૂ કરી અને કિસ ડે સુધીના બધા જ ડે ઉજવવામાં આવે છે, અને એ રીતે પ્રેમની અભિવ્યક્તી ના અંગો આમાં સાંકળી લેવામાં આવ્યા છે, અને એ મુજબ આજની યુવા પેઢી એક અઠવાડિયામાં ધૂમ રુપિયા વાપરે છે, અને વેપારીઓ આ તકનો લાભ લઈને ખૂબ કમાય છે. કેવાં કેવાં વેપાર ધંધા આ દિવસોમાં વકરો કરે છે, એ લખવા બેસીએ તો એક સ્વતંત્ર લેખ થઈ જાય. પરંતુ વેલેન્ટાઈન ડે એ આપણી સંસ્કૃતિનો તહેવાર નથી, છતાં આધુનિક કહેવડાવવા લોકો તેને પ્રાધાન્ય આપે છે, અને ઘરમાં રહેતી ત્રીજી પેઢી સાથે તાદાત્મ્ય સધાય એ માટે અમુક વાત સ્વીકારવી પણ પડે. પણ એ પણ આપણા જ છે એટલે ચિંતા પણ થાય કે જે વ્યક્તિ સાથે એ આ પ્રેમ નામના ભાવનું આદાન પ્રદાન કરે છે એ શું યોગ્ય છે?? એટલે એ લોકો થોડું વિચારીને ચાલે એટલા માટે આ લખાયું છે. વેલેન્ટાઈન ડે આવે એટલે અમુક ઉંમરથી ઉપરની ઉંમરનાં લોકો તેનો વિરોધ પણ કરે, પરંતુ આપણે સારું અપનાવવું જોઈએ, સ્વીકારવું જોઈએ, કોઈ પણ વાત માટે સંકુચિત માનસ ન રાખવું જોઈએ, અને વાત પણ સાચી છે, જો સારું હોય તો ખુલ્લા દિલે સ્વીકાર કરવું પણ પડે. પરંતુ શું આ સાચું અને સારું છે ખરું? એ તો પહેલા વિચારવું જ પડે. એટલે વેલેન્ટાઈન ડે ની ડેટ પર જતાં પહેલાં આટલું વિચારો, એવું કોઈ કહે તો સાંભળવાની દસ મિનિટ તો આપવી જ પડે.

આપણે સૌ જાણીએ છીએ, તેમ હિંદુ સંસ્કૃતિ એ આ પાશ્ચાત્ય સંસ્કૃતિ કરતાં આગળ છે, અને તેથી જ આપણે ત્યાં વસંતનો મહિમા અને તેનું મહિમા ગાન કરવા બે મહિનાનો સમય અપાયો છે. શિયાળાની ઋતુ પૂરી થતાં જ, ઋતુ બદલાય છે, અને ઉનાળાની પેટા ઋતુ તરીકે મહા સુદ પાંચમના દિવસથી વસંત ઋતુ શરૂ થાય છે. તેથી આપણે ત્યાં પસંદ પંચમીનો તહેવાર ઉજવવામાં આવે છે. આપણે ત્યાં તે દિવસથી લગ્નની સિઝન પણ શરૂ થાય છે, એટલે કે આપણા ઋષિમુનિઓ જાણતાં હતાં, કે આ ઋતુના પ્રભાવમાં યુવક યુવતીનું મિલન થાય તો એ ઉન્માદ તેમને લગ્નજીવન બાંધવામાં મદદ કરી શકે, અને સ્થૂળ સૂક્ષ્મ મિલનના એ રોમાંચમા ઋતુ પણ રોમાંચિત હોવાથી વધારે અનુભૂતિ કરાવે. એટલે બંને હૈયા વધુ મજબૂતીથી જોડાઈ શકે, અને આ સંબધ લાગણી, હુંફ, અને પ્રેમનાં સંગનુ પ્રતીક બની રહે, જે ક્ષણો જીવનની યાદગાર ક્ષણ બની શકે. એટલે એ રીતે જોઈએ તો પણ વિદેશી સંસ્કૃતિમાં પ્રેમને મનાવવા માટે એક દિવસ કે એક વીકનો સમય નક્કી થયો છે, જ્યારે આપણે ત્યાં પૂરા બે મહિનાનો.

આપણે ત્યાં વસંતમાં મૂળ તો પ્રકૃતિનાં સ્વાભાવિક લક્ષણો બદલાય છે, અને નવસર્જનની ક્રિયાને વેગ મળે છે. એટલે કે કોઈપણ ભાવનો ઉદ્‌ગમ એ આ પ્રેમની અભિવ્યક્તિનાં ભાવને સરળ બનાવે છે. આ ઉપરાંત આ આપણી સંસ્કૃતિમાં માત્ર સ્થૂળ શરીરને મહત્વ આપવામાં આવ્યું નથી, સૂક્ષ્મ શરીર એટલે કે લાગણી તો જોડાવી જ જોઈએ, પણ સાથે સાથે મૂળ આ ઋતુ જેને કારણે આવી છે, એ ઋતુનાં પ્રણેતા એવા ઈશ્વરની સાધના પણ આ દિવસોમાં કરવાનું ઉત્તમ મનાયું છે. સરસ્વતીના ઉપાસકો હોય, એ સરસ્વતીની વસંત પંચમીને દિવસે ઉપાસના કરે છે, અને શબ્દ સાધનાની શરૂઆત માટે સરસ્વતી ઉપાસના બહુ જ જરૂરી છે. વસંત એટલે મૂળમાં તો સૃષ્ટિ એટલે કે નિસર્ગનું યૌવન, અને માનવીના જીવનનું યૌવન એટલે કે વસંત, આ રીતે બંનેનો મેળ કરવામાં આવ્યો છે. કારણકે મૂળભૂત રીતે વસંતના લક્ષણોમાં ઉન્માદ, ઉત્તેજના,અને ઉન્મુક્ત થવું એ રીતે આ ઋતુ પ્રભાવ કામ કરે છે. એટલે એ કોઈ એક નવા સર્જનનો, કે નવું કંઈક કરવાનો વિચાર આવે, એવા મનોભાવ બનાવતી ઋતુ એટલે વસંત. એટલે જરૂરી નથી હોતું કે, દર વખતે વિજાતીય આકર્ષણ જ આ ઋતુમાં થાય! આ ઋતુમાં નવ સર્જનનો મહિમા ગવાયો છે.

મૂળભૂત રીતે વસંત પંચમીને દિવસે માતા સરસ્વતીના જન્મની કથા, પણ આની સાથે જોડાયેલી છે. ભગવાન વિષ્ણુના આદેશથી બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું. પરંતુ પોતે બનાવેલી સૃષ્ટિથી ખુદ બ્રહ્મા સંતુષ્ટ ન હતાં. આથી તેઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને કહે છે, કે મારી બનાવેલી આ સૃષ્ટિમાં પડઘો પડે, એટલે કે કોઈ મને કહે કે વાહ શું સુંદર સૃષ્ટિનું સર્જન કર્યું છે! એવું તો ક્યાંય શક્ય દેખાતું નથી. આથી ભગવાન વિષ્ણુના કહેવાથી બ્રહ્મા એ પોતાના કમંડળમાંથી થોડું જળ લઈ ધરતી પર છાંટ્યું, અને આ જળ ધરતીનાં સંપર્કમાં આવવાથી ચાર હાથવાળી એક સ્ત્રીનું પ્રાગટ્ય થયું, અને તેને સરસ્વતી નામ આપવામાં આવ્યું. જેના એક હાથમાં વીણા, બીજા હાથમાં વેદના ગ્રંથ, ત્રીજા હાથમાં માળા, અને ચોથો હાથ વરદ મુદ્રામાં દેખાય છે. માતા સરસ્વતી એ વીણાનું વાદન કરતાં જ, જે સ્વર નાદની માધુરી છલકી એ સાંભળી આખી સૃષ્ટિનાં જીવો ઝૂમી ઉઠ્યાં, અને તેમને પણ આ સ્વર પ્રાપ્ત થયો. એટલે કે વસંતનો કે માતા સરસ્વતીનો પ્રભાવ આપણામાં વાણી કે શબ્દોનું સર્જન પણ કરે છે, અને ગુપ્ત રૂપે જે આપણા અંતરમાં પડેલો ભાવ છે, તેને ખોલે છે. આવી કોઈ વાત પાશ્ચાત્ય સંસ્કૃતિમાં લખી નથી. માત્ર સ્થૂળ રૂપે, એક યુવક અને યુવતીના સ્થૂળ શરીરનાં પ્રેમની જ વાત છે. એટલે તેને પ્રેમ નામ આપવું કે વિજાતીય આકર્ષણ નામ આપવું? જે લક્ષણ આ ઉંમરનું મુખ્ય કારણ છે, તો એ હવે આપણે નક્કી કરવાનું છે.

ભારતીય સંસ્કૃતિ એ સદીઓથી સૌથી શ્રેષ્ઠ અને બધાથી આગળ ચાલનારી છે. તો આપણું ભૂલી અને એવું અપનાવીશું કે જે આપણી અધોગતિનું કારણ બને! યુગ પરિવર્તન થવું જ જોઈએ, અને બદલાતા સમય સાથે આપણે ચાલુ જ જોઈએ, પરંતુ એવું જરાય જરૂરી નથી કે, એમની દરેક સાચી ખોટી વાત આધુનિકતા ને નામે અપનાવીએ, કોઈ વાર રસ્તાનાં આવાં મુકામો એ રોકાયા વગર પણ આગળ વધી શકાય, અને આપણી સંસ્કૃતિ મુજબ પૂર્ણ ભાવ વધારનારા વંસતનો મહિમા ગાઈએ, જેમાં નથી હોતું ઉછાંછળાપણું, નથી જરૂર પડતી માદક પીણાંની,કે માદક પોષાકની, નથી જરુર પડતી ઉતેજીત સંગીતની,અને એ ઉપરાંત કોઈની પણ લાગણી સાથે રમત રમવાની, આપણી સંસ્કૃતિ ક્યારેય મંજૂરી આપતી નથી. આ બધું જ યાદ રાખવું પડે. કારણ કે પ્રેમ ને સમજવામાં તો ઘણી વખત આખી આખી જિંદગી નીકળી જતી હોય છે, ત્યાં અઢાર થી પચ્ચીસ વર્ષમાં તેને જાણ્યા વગર કોઈ સાથે કમીટમેન્ટ કરવું એ કેટલું યોગ્ય છે? નવ જુવાનિયાઓ કહેશે કે પહેલા તો બાળ વિવાહ પણ થતાં! એ આયુ તો ઘણી નાની કહેવાય! પરંતુ સમાજની વચ્ચે જે સંબંધ થયો હોય,એ એની આમન્યા ને કારણે પણ આવાં સંબંધો નભી જતાં.

તો વસંત રૂપી સર્જન અને નવસર્જનની આ ઋતુમાં જેમ પાનખર એટલે કે વિસર્જનનો પણ મહિમા છે, તેમ આપણે અંદરથી નકામું અને જૂનું વિસર્જિત કરી, નવા ગુણો, તેમજ નવી નવી ભાવ સૃષ્ટિનું સર્જન કરવાનું છે. આપણું છે માટે શ્રેષ્ઠ છે, અને એનું છે માટે આધુનિક છે, એવા કોઈ હઠાગ્રહ વગર પૂર્ણપણે જાણ્યા પછી, હવે તો આપણે વસંતને અપનાવીશું કે પરંતુ વેલેન્ટાઈન ને? પણ એને કેટલી હદે અનુસરવો એ સમજી ચૂક્યા હશો. જય હિન્દ.

**ભગવાન જ્યારે કૃપા કરે છે ત્યારે મનુષ્યોની પાશવી બુદ્ધિ નષ્ટ થાય છે જે ભગવાનનું ધ્યાન કરે છે**

# ન્યાયાધીશની બેઠક પર બેસીને પોતાના અંગત પ્રેમને કારણે નાના ગુના માટે મૃત્યુ દંડની સજા આપવી એ તે બેઠકનું અપમાન છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, ધરા)

**મન બુદ્ધિ અતિ સૂક્ષ્મ ન થાય ત્યાં સુધી ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપનો અનુભવ થતો નથી. ઈશ્વરનું સગુણ રૂપ અતિ તેજોમય છે. સગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની મનુષ્યમાં શક્તિ નથી. અર્જુન પણ બોલી ઊઠેલો કે, તમારું આ રૂપ જોઈ મારું મન ભયથી અતિવ્યાકુળ થઈ રહ્યું છે! ત્યારે નામશ્રણ અને દેખાય છે અને અનુભવાય છે. કીર્તનમાં તાળી પાડવાથી નાદબ્રહ્મ થાય છે.**

વસંતી વાયરા સાથે ઠંડીની વિદાય થઈ રહી છે. ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જગતને પ્રસન્ન કરવું તે કઠણ છે, પણ મારા શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા કણ નથી.એટલે હું તમને કહું છું કે, તમે લોકો તમારા દેત્યપણાનો તેમજ આસુર સંપાત એટલે કે આસુરી ભાવનાનો ત્યાગ કરી સર્વ પ્રાણીઓ ઉપર દયા કરો. પ્રેમથી તેની ભલાઈ કરી. આથી ભગવાન પ્રસન્ન થાય છે. ભગવાન જ્યારે કૃપા કરે છે, ત્યારે મનુષ્યો ની પાશવી બુદ્ધિ નષ્ટ થાય છે. જે ભગવાનનું ધ્યાન કરે છે, ભગવાનમાં તન્મય થાય છે તેને ભગવાનનાં દર્શન થાય છે. વસ્તુ માત્રમાં તે ભગવાનને દેખે છે. વળી પ્રહલાદ દૈત્ય બાળકોને કહે છે, હું તમને જે કહું છું,તે મારા મનનું કહેતો નથી,પણ નારદજીએ કહેલું તે તમને કહું છું.

દૈત્ય બાળકો કહે છે,વાહ ભાઈ, તું વળી નારદજીને ક્યારે મળવા ગયો હતો?

પ્રહલાદજી કહે છે, મારા પિતાજી મંદરાચળ તપ કરવા ગયા ત્યારે દાનવો ઉપર ચઢાઈ કરી ત્યારે ઈન્દ્ર મારી માને કેદ કરીને લઈ જતો હતો રસ્તામાં ઈન્દ્રને નારદ જી મળ્યા.નારદજીએ ઈન્દ્રને કહ્યું, કથાધુને તુ છોડી દે!એટલે ઈન્દ્રે મારી માને છોડી દીધી. મારી મા નારદજીના આશ્રમમાં ગઈ.મારી માએ ત્યાં સંતોની સેવા કરી.મા કથા કીર્તનમાં પણ જતી.તે વખતે હું ગર્ભાવસ્થામાં હતો ને બધી કથા સાંભળતો હતો. કોઈ વખત કથા સાંભળતાં માતાને નિદ્રાઆવે પણ હું કથા સાંભળું!

નિદ્રાદેવીને કથાકીર્તનમાં વિઘ્ન કરવાની આદત છે. કુંભકર્ણનું મૃત્યુ થતાં તેની પત્ની નિદ્રાદેવી નિરાધાર થઈ. રામચંદ્રની પાસે આવી તે કહે કે,હવે હુંકોને આશરે રહું? રામજી કહે છે, તરે ક્યાં રહેવું છે?ત્યારે નિદ્રાદેવી કહે,હું તો તમારું કથા કીર્તન થતું હશે ત્યાં જ મારું આસન રાખીશ અને ત્યારથી કથામાં શ્રોતાઓ એનો અનુભવ કરે છે.એક વખત મીરાં બાઈ ભક્તો સાથે કીર્તન કરતાં હતાં, પણ તાલ સચવાતો ન હતો. જ્યાં શરીરનું ભાન નથી ત્યાં તાલ નું ભાન ક્યાંથી હોય?બીજા દિવસે આ ભૂલ ન થાય એટલે કોઈએ મોટા અક્ષરે ત્યાં લખ્યું, તાલ સે ગાના. મીરાંબાઈની નજર તે લખાણ ઉપર પડતાં તેમણે તે છેકી નાંખી લખ્યું, પ્રેમ સે ગાના. કીર્તનમાં તાલ કરતાં પ્રેમની કિંમત વધારે છે. નામ જ બ્રહ્મ છે. ઈશ્વરનું નિર્ગુણ સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે. મન બુદ્ધિ અતિ સૂક્ષ્મ ન થાય ત્યાં સુધી ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપનો અનુભવ થતો નથી. ઈશ્વરનું સગુણ રૂપ અતિ તેજોમય છે. સગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની મનુષ્યમાં શક્તિ નથી. અર્જુન પણ બોલી ઊઠેલો કે, તમારું આ રૂપ જોઈ મારું મન ભયથી અતિવ્યાકુળ થઈ રહ્યું છે! ત્યારે નામશ્રણ અને દેખાય છે અને અનુભવાય છે. કીર્તનમાં તાળી પાડવાથી નાદબ્રહ્મ થાય છે. નાદબ્રહ્મ અને નામ બ્રહ્મ એક થાય તો પરબ્રહ્મ પ્રગટ થાય છે. નામબ્રહ્મ સાથે નાદબ્રહ્મનો સંયોગ થાય ત્યારે પ્રભુને પ્રગટ થવું જ પડે છે.માટે તાળી પાડીને રામનામ બોલજો. પ્રભુ બધાને નિહાળે છે. જે તાળી પડતો નથી તેને માટે ભગવાન વિચારે છે કે, હું મૂર્ખ કે મેં તેને હાથ આપ્યા! પણ હવે તેના આવતા જન્મમાં મારી ભૂલ સુધારી લઈશ.આવતા જન્મ માં તેને બે હાથને બદલે બે પગ વધારે આપીશ.માટે બધા પ્રેમથી તાળી પાડી નામ સંકીર્તન કરો. પ્રહલાદજીએ બાળકોને આજ્ઞા કરી કે, પ્રેમથી પ્રભુનું કીર્તન કરો! હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે. ન દાન,ન તપ,ન યજ્ઞ,ન શૌર્ય, ન વ્રતથી ભગવાન પ્રસન્ન થાય છે. ભગવાન કેવળ નિષ્કામ પ્રેમ ભક્તિથી જ પ્રસન્ન થાય છે. બીજું બધું વિટંબણા માત્ર છે,માટે ભક્તિ કરો. બાળકોને રામ નામમાં રસ પડ્યો એટલે મંત્ર-જપ શરૂ કર્યો. તે બોલાવે,ને છોકરાઓ બોલે?''હરે રામ હરે રામ રામરામ હરે હરે,હરે શ્રીકૃષ્ણ હરે શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ હરે હરે. આ મંત્ર મહામંત્ર છે.આ મંત્રનો જપ કરવા માં કોઈ વિધિની જરૂર નથી.આ મંત્રનો જપ ગમે તે સ્થિતિમાં, ગમે તે વખતે, નાહ્યા પહેલાં પણ થઈ શકે છે. રસ્તે ચાલતાં પગમાં જોડા પહેર્યા હોય તો પણ આ મંત્રનો જપ થઈ શકે છે.

સર્વ બાળકો 'હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે' ઉચ્ચારતાં તાળીઓ પાડી કીર્તન કરતાં હતાં! બાળકો આનંદ-ઉલ્લાસમાં આવી નામ જપ કરતાં હતાં. પ્રહલાદજી તન્મય છે. રાધાકૃષ્ણનાં દર્શન કરતાં એ થૈ થૈ નાચે છે. બાળકો પણ તેમની જોડે નાચે છે. તેવામાં શંડામર્ક ત્યાં આવ્યાં.તેને જોઈને ઠરી જ ગયા. બાપ રે, હિરણ્યક શિપુને ખબર પડશે તો અનર્થથશે તેણે બૂમ પાડી. ભજન બંધ કરો. બંધ કરો. પણ કોણ સાંભળે?મન શ્રી કૃષ્ણમાં હોવાથી પ્રહલાદ કાંઈ સાંભળી શક્યા નહીં. શંડામર્કે દોડીને પ્રહલાદનો હાથ પકડયો. પ્રહલાદનું શરીર પ્રભુ-તન્મયતાથી દિવ્ય બની ગયું હતું. શંડામર્કે એને સ્પર્શ કર્યો તો શંડામર્ક પણ કીર્તન કરતો નાચવા લાગ્યો.હરે રામ,હરે રામ,રામ રામ હરેહરે! એટલામાં હિરણ્યકશિપુ એ ગુરુજી બાળકો ને કેવી રીતે ભણાવે છેતેની તપાસ કરવા એક સેવકને ત્યાં મોકલ્યો. સેવક ત્યાં આવ્યો અને ત્યાંનું દશ્ય જોઈ વિચારમાં પડી ગયો. બધાં નામસંકીર્તનમાં ભાન ભૂલ્યા છે.ગુરુ નાચે છે,ચેલા નાચે છે. સેવકને થયું કે, હિરણ્યકશિપુ ને આ ગમશે નહીં, તેથી તે શંડામર્કને કહે,મહારાજ, ડાહ્યા થઈનેતમારા આસન પર બેસો! આમ કહી મહારાજનો હાથ પકડી બેસાડવા ગયો, ત્યાં તેને ચેપ લાગ્યો. સેવક પણ બધા સાથે નાચવા લાગ્યો. પોતે શા માટે અત્રે આવ્યો હતો તે ભૂલી ગયો! આ સત્સંગનો મહિમા છે. સેવકને આવતાં સમય લાગ્યો. એટલે રાજા એ બીજા સેવકને મોકલ્યો.બીજો સેવક આવ્યો. તેણે જોયું તો સાર્ચ નામ કીર્તનમાં પાગલ બની નાચતા હતા.તે વિસ્મય પામ્યો.ભજન મંડળીમાં ના એકનો સપણે થતા તે પણ નાચવા લાગ્યો.જેટલા સેવકોને મોકલ્યા તે બધા ની એજ દશા થઈ.જે જાય છે પણ પાછળ આવતો નથી.આ છે શું? હિરણ્યકશિપુ દોડતો આવે છે. જોયું તો ગુરુ,ચેલા, રાજસેવકો બધા નામસંકીર્તનમાં મસ્ત બની નાચતા હતા. રાજા દશ્ય જોઈ એકદમ ગુસ્સે થયો. આ શું માંડ્યું છે?તેણે ભજન મંડળીમાંથી એક ને ખેંચીને બેસાડી દીધો. હિરણ્યકશિપુને આ સ્પર્શથી કોઈ જાતનો ચેપ ન લાગ્યો. કારણ કે હિરણ્યકશિપુ ઊતરી ગયેલો વીજળીનો ગોળો હતો. ઈલેક્ટ્રિકનો બલ્બ જો સારો હોય તો તેનો કરંટ લાગે અને બલ્બ નકામો હોય તો કરંટ લાગતો નથી

ભજન થંભી ગયું.હવે ગુરુને ભાન આવ્યું.તેણે બીતાંબીતાં બધી વાત હિરણ્યકશિપુને કહી. હિરણ્યક શિપુ ક્રોધે ભરાઈ પ્રહલાદને કહેવા લાગ્યો, હજુ તું મારા શત્રુ વિષ્ણુનું કીર્તન કરે છે. કહું છું કે, મારા સિવાય જગતમાં બીજો ઈશ્વર છે ક્યાં?આજે હું તને મારી નાખીશ.દોડીનેપ્રહલાદને પકડી એ ધરતી ઉપર પછાડવા જાય છે ત્યાં ધરતી માતાએ તેને ગોદમાં ઊઠાવી દીધો. પ્રહલાદ પિતાજીને વંદન કરે છે. હિરણ્યકશિપુ કહે છે,તું મને વંદન કરે છે,પરંતુ મારું કહ્યું માનતો નથી. તો મને બતાવ, તારું રક્ષણ કરનાર તારો વિષ્ણુ છે ક્યાં? પ્રહલાદ કહે છે, પિતાજી, મારા ભગવાન તો સર્વત્ર છે, એ નથી એવી કોઈ જ જગ્યા નથી. પિતાજી, તમે માનો છો કે, તમે વીર છો પણ વીર એ છે કે જે અંદરના શત્રુઓને મારે.આપ માનો છો કે, મેં જગતને જીત્યું છે, પણ જેણે મન જીત્યું તેણે જગત ને જીત્યું. કામાદિ છ ચોર તમારા મનમાં બેઠા છે. તે તમારા વિવેક રૂપી ધનને લૂટે છે,ને તમને બરબાદ કરે છે. પિતાજી, ક્રોધ ન કરો. રાગ દ્વેષનો પરિત્યાગ કરી નારાયણનું આરાધન કરો.મારા નારાયણનું ભજન કરો.હિરણ્યક શિપુ એકદમ ક્રોધમાં આવી બોલ્યો દીકરો થઈ તું તારા પિતાને ઉપદેશ આપે છે? કહું છું કે,તારી લૂલી બંધ કર અને તું વિષ્ણુવિષ્ણુ કરે છે તો એ ક્યાં છે તે દેખાડ! મારા ડરથી એ ક્યાંક સંતાઈ બેઠો લાગે છે. પ્રહલાદે કહ્યું,મારા પ્રભુ સર્વ વ્યાપક છે. મારામાં છે, તમારામાં છે,અહીં છે, તહીં છે, સર્વત્ર છે. તમારા માંયે છે એથી તો તમે બોલી શકો છો! હિરણ્યકશિપુએ દેખાતો નથી? કહ્યું સર્વત્ર છે?તો શું આ થાંભલા માં પણ તારો વિષ્ણુ છે?તો એ કેમ ક્રોધ છે તેથી તે દેખાતા નથી. હિરણ્યકશિપુ ઝનૂનમાં આવી કહે, હું થાંભલો તોડી નાખીશ. તેમાં, પ્રહલાદ જવાબ આપે છે, જી હા,મારા ભગવાન આ થાંભલામાં પણ છે. તમારી આંખમાં વિષ્ણુ હશે તો મારી નાખીશ. પ્રહલાદે કહેતાં કહી દીધું કે, થાંભલામાં ભગવાન છે, પણ તેને થોડી શંકા થઈ.આ સ્તંભમાં ભગવાન કેવી રીતે વિરાજતા હશે પરંતુ જ્યાં સ્તંભ પાસે કાન ધર્યા તો તેણે ગુરુ ગુરુ અવાજ અંદર થી આવતો સાંભળ્યો. પ્રહલાદને ખાતરી થઈ કે,મારા ભગવાન આ માં છે.પ્રહલાદ થાંભલાને ''પ્રભુ! મારા પ્રભુ!'' કહી બાઝી પડયો.

હિરણ્યકશિપુ ગુસ્સાથી પાગલ બની કહેવા લાગ્યો,ક્યાં છે? બતાવ, મારો દુશ્મન ક્યાં છે? પ્રહલાદ કહે છે, આ સ્તંભમાં મારા નારાયણ બિરાજેલા છે.

અતિ ક્રોધમાં હિરણ્યકશિપુએ થાંભલા ઉપર જોરથી મુષ્ટિપ્રહાર કર્યો.ત્યાં તરત જ તેમણે હિરણ્યક શિપુને ખેંચી પોતાની પકડમાં લઈ ગોદમાં નાખી ઊંબરા વચ્ચે બેઠા. પછી કહે,બોલ, અત્યારે દિવસ છે કે રાત? આ પૃથ્વી છે કે આકાશ? મારું શસ્ત્ર છે આ મારો નખ! એ જડ છે કે ચેતન? હું ઘરમાં છું કે બહાર?નૃસિંહ ભગવાન મહા ભયંકર ગુરુ ગુરુ એવો અવાજ કરતાં થાંભલા માંથી પ્રગટ થયા. આમ કહી તેમણે હિરણ્યકશિપુને નખથી ચીરી નાખ્યો.બ્રહ્માજીના અપૂર્વ વરદાન નું પાલન થયું ને છતાં તે મર્યો.ભગવાન મારે તેને કોઈ બચાવી શકે નહીં. બોલો, નૃસિંહ ભગવાન કી જય!મનુષ્યના દુ:ખનું કારણ દેહાભિમાન છે. શરીર એ ઘર છે.શરીર ઘરની અંદર જીવએ ઊંબરો છે.તે અંદર ન કહેવાય કે બહાર પણ ન કહેવાય. અભિમાનને મારવો હોય તો જીભ ઉપર ઠાકોરજીનું નામ રાખો.પોતાના ભક્ત પ્રહલાદ નું વચન સત્ય કરવા અને પોતાની સર્વ વ્યાપકતા સિદ્ધ કરવા ભગવાન વૈશાખ સુદ ચૌદસના રોજ કાષ્ઠના સ્તંભમાંથી નૃસિંહ રૂપે પ્રગટ થયા છે. આજે છેલ્લે જોઈએ તો એક રાજા હતો જેને કારીગરીનો ખૂબ શોખ હતો. તે મૂર્તિઓની શોધમાં દેશ-વિદેશ પ્રવાસ કરતો હતો. આ રીતે, રાજાએ ઘણી મૂર્તિઓ લાવીને પોતાના મહેલમાં રાખી અને તેમની સંભાળ પોતે રાખતા. બધી મૂર્તિઓમાં, ત્રણ મૂર્તિઓ તેમને તેમના જીવન કરતાં વધુ પ્રિય હતી. બધા જાણતા હતા કે રાજા તેને ખૂબ પ્રેમ કરે છે.

એક દિવસ, જ્યારે એક નોકર આ મૂર્તિઓ સાફ કરી રહ્યો હતો, ત્યારે આકસ્મિક રીતે તેના હાથ માંથી એક મૂર્તિ તૂટી ગઈ. જ્યારે રાજાને આ વાતની ખબર પડી, ત્યારે તે ખૂબ ગુસ્સે થયો અને તરત જ તે નોકરને મૃત્યુદંડની સજા ફટકારી. સજા સાંભળ્યા પછી, નોકરે તરત જ બીજી બે મૂર્તિઓ પણ તોડી નાખી. આ જોઈને બધા આશ્ચર્ય ચકિત થઈ ગયા. જ્યારે રાજાએ નોકરને આનું કારણ પૂછ્યું, ત્યારે નોકર બોલ્યો - ''મહારાજ! કૃપા કરીને મને માફ કરો, આ મૂર્તિઓ માટીની બનેલી છે અને ખૂબ જ નાજુકછે.તેઓ અમરત્વનું વરદાન લઈને આવ્યા નથી.તેઓ આજે કે કાલે તૂટી ગયા હોત.જો તેઓ મારા જેવા વ્યક્તિ દ્વારા તોડવામાં આવ્યા હોત તો તેને કોઈ કારણ વગર મૃત્યુદંડ ભોગવવો પડ્યો હોત.મને મૃત્યુદંડ મળી ચૂક્યો છે.''તેથી મેં બીજી બે મૂર્તિઓ તોડીને તે બે વ્યક્તિઓના જીવ બચાવ્યા. આ સાંભળીને રાજાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ; તેને પોતાની ભૂલનો અહેસાસ થયો અને તેણે નોકરને સજામાંથી મુક્ત કર્યો. નોકરે તેને શ્વાસ લેવાનું મૂલ્ય શીખવ્યું અને એ પણ શીખવ્યું કે ન્યાયાધીશની બેઠક પર બેસીને પોતાના અંગત પ્રેમને કારણે નાના ગુના માટે મૃત્યુદંડની સજા આપવી એ તે બેઠકનું અપમાન છે. વ્યક્તિએ હંમેશા ઊંચા આસન પર બેસવું જોઈએ અને તેનું સન્માન કરવું જોઈએ. રાજા હોય કે અન્ય કોઈ, જો તેને ન્યાય આપવા માટે પસંદ કરવામાં આવે તો તેણે ન્યાયનું મહત્વ સમજવું જોઈએ. રાજાને મૂર્તિ ખૂબ ગમતી હતી પણ તેના માટે તેના નોકરને મૃત્યુ દંડની સજા આપવી એ ન્યાયની વિરુદ્ધ હતું. ન્યાયની ખુરશી પર બેસીને,કોઈપણ વ્યક્તિએ પોતાની લાગણીઓને બાજુ પર રાખીને નિર્ણય આપવો જોઈએ.

રાજાને સમજાયું કે આ નોકર તેના કરતા ઘણો સારો હતો કારણ કે તે મૃત્યુની ખૂબ નજીક હતો ત્યારે પણ બીજાઓના કલ્યાણ વિશે વિચારતો હતો. રાજા પાસે નોકરો હોય છે, પૂછ્યું કે કોઈ કારણ વગર મૃત્યુનો સામનો કર્યા પછી પણ તમે ભગવાનને શ્રાપ આપ્યો નથી, તમે નિર્ભય રહ્યા છો, સંયમ, સમાન સ્વભાવ અને દૂરદર્શિતાના આ ગુણોને વહન કરવાની યુક્તિ શું છે?નોકરે કહ્યું કે તમારી જગ્યાએ કામ કરતા પહેલા હું એક અમીર વેપારીનો નોકર હતો. મારા પતિ મારાથી ખૂબ ખુશ હતા પણ જ્યારે પણ તેમને કોઈ કડવો અનુભવ થતો ત્યારે તેઓ ભગવાનને ખૂબ અપશબ્દો બોલતા.

એક દિવસ શેઠ કાકડી ખાતા હતા. યોગાનુયોગ એ કાકડી કડવી હતી. શેઠે એ કાકડી મને આપી. મેં તેને ખૂબ જ ઉત્સાહથી ખાધું જાણે તે ખૂબ જ સ્વાદિષ્ટ હોય.શેઠે પૂછ્યું -''કાકડી બહુ કડવી હતી.તમે તેને આમ કેવી રીતે ખાધું?'' તો મેં કહ્યું -''શેઠજી, તમે મારા માલિક છો.તમે મને રોજ સ્વાદિષ્ટ ભોજન આપો છો. એક દિવસ હું તમને કડવી વસ્તુ આપું તો પણ એ સ્વીકારવામાં શું નુકસાન છે?'' રાજાજી, એવી જ રીતે જો ભગવાને આટલું બધું સુખ-સંપત્તિ આપી હોય અને ક્યારેક કડવી ગ્રાન્ટ પણ આપી હોય તો તેમની સદભાવના પર શંકા કરવી યોગ્ય નથી. જન્મ, જીવન અને મૃત્યુ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

# ઈબ્રાહિમ અલી ખાન 'નાદાનિયાં'માં ખુશી કપૂરનો પૈસાદાર બોયફ્રેન્ડ બનશે

## ખુશી કપૂરે ઇબ્રાહિમનું સિનેમાની દુનિયામાં સ્વાગત કરીને બંનેની એક મિરર સેલ્ફી પણ શેર કરી



કરણ જોહરે થોડાં વખત પહેલાં ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર સાથે ફિલ્મની જાહેરાત કરી ત્યારથી જ યંગ ઓડિયન્સ આ ફિલ્મ અંગે ઘણું ઉત્સાહિત હતું. ખાસ તો જ્યારે ખુશી કપૂરે ઈબ્રાહિમનું સિનેમાની દુનિયામાં સ્વાગત કરીને બંનેની એક મિરર સેલ્ફી પણ શેર કરી હતી. ત્યાર બાદ તેમણે ફિલ્મ 'નાદાનિયાં'નું પોસ્ટર પણ શેર કર્યું હતું. જેમાં તેઓ કોલેજના વિદ્યાર્થીઓ જેવા લાગતાં હતાં. ફૂટબોલ પર આધારીત આ ફિલ્મનું પહેલું ગીત 'ઈશ્ક મેં' થોડાં દિવસો પહેલાં રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં બંનેની કેમિસ્ટ્રી પણ ઘણી સારી લાગતી હતી. આ ગીતમાં તેમની જોડીના ઘણા વખાણ થયાં છે.નેટફ્લિક્સ પર આ ફિલ્મ રિલીઝ થવાની છે, જેમાં અપાયેલાં ફિલ્મના સિનોપ્સીસ મુજબ તેમાં ખુશી પિઆનો રોલ કરે છે જે એક પૈસાદાર પરિવારની પ્રેમાળ છોકરી છે. એક ગેરસમજના કારણે તેના મિત્રો તેની વિરુદ્ધ થઈ જાય છે. ત્યારે તે કૅરિઅર પર જ ધ્યાન આપતા છોકરા અર્જુન એટલે કે ઈબ્રાહીમને તેના બોયફ્રેન્ડ તરીકે કામ પર રાખે છે. આમ આ સ્ટોરી વાંચીને તો ઘણી રસપ્રદ લાગી રહી છે. પરંતુ ફિલ્મમાં આ સ્ટોરી કેવી રીતે દર્શાવાઈ છે, તે તો ફિલ્મ રિલીઝ થાય ત્યારે જ ખબર પડશે. એક તરફ ઈબ્રાહિમ તેના ડેબ્યુની તૈયારી કરી રહ્યો છે અને બીજી તરફ ખુશીની 'લવયાપા' રિલીઝ થઈ ચૂકી છે, જેને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. આ રોમકોમમાં તે જુનૈદ સાથે જોવા મળી. તેમની ફિલ્મને વિકી કૌશલ જેવા વર્સેટાઈલ એક્ટરે પણ વખાણી છે.

# સનમ તેરી કસમથી લઇને તુંબાડની સફળતાએ એક જ ફિલ્મમાંથી બે વખત આવક અપાવી

છેલ્લાં કેટલાંક વખતથી ફિલ્મો રી-રિલીઝ કરવાનો એક અનોખો ટ્રેન્ડ શરૂ થયો છે. તેમની ગમતી ફિલ્મોના જાદુને ફરી જોવા અને તેને ફરી જીવવા માટે દર્શકો ડિમાન્ડ કરે છે અને ફિલ્મમેકર્સ આ ફિલ્મ રી-રિલીઝ કરી રહ્યા છે, તેથી તેઓ પોતાની ફિલ્મો મોટા પડદે ફરી રિલીઝ કરે છે. તેમાંથી ઘણી ફિલ્મોને તો એવા સારા પરિણામ મળ્યા છે કે પહેલી રિલીઝ કરતાં પણ બીજી રિલીઝ વખતે આ ફિલ્મો વધારે ચાલી જાય છે. સનમ તેરી કસમ, ફિલ્મ રી-રિલીઝની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની યાદીમાં પહેલું નામ આ રોમેન્ટિક ફિલ્મનું છે. રાધિકા રાવ અને વિનય સપ્રુ દ્વારા ડિરેક્ટ થયેલી આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ છે, તેણે અત્યાર સુધીમાં પહેલાં અઠવાડિયે ૧૮.૫૭ કરોડની કમાણી કરી છે. તેણે ચોથા અઠવાડિયે ૩.૨૫ કરોડની કમાણી કરી હતી અને તેને મળીને કુલ ૨૨.૦૯ કરોડની કમાણી કરી હતી. આ ઈમોશનલ સ્ટોરી ફરી એક વખત દર્શકોને ગમી ગઈ છે, અને યોગ્ય પ્રતિસાદ પણ મળ્યો છે. તુંબાડ, આ ફિલ્મ મૂળ ૨૦૧૮માં રિલીઝ થઈ હતી. રાહી અનિલ બર્વે દ્વારા ડિરેક્ટેડ આ ફેન્ટસી હોરર ફિલ્મે શરૂઆતમાં બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો નહોતો. છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ ફિલ્મ ધીરે ધીરે લોકપ્રિય થઈ હતી. દર્શકોની ડિમાન્ડથી આ ફિલ્મ ફરી વખત રિલીઝ કરવામાં આવી હતી, ત્યારે આ ફિલ્મે પહેલા અઠવાડિયે ૭.૩૪ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મની વાર્તા અને વાર્તા કહેવાની ડાર્ક છતાં એક ચોક્કસ માહોલ ઉભો કરતી ફિલ્મ નવા દર્શકોને એટલી પસંદ પડી કે ઘણા દર્શકોએ ફરીથી તુંબાડનું વિશ્વ મોટા પડદેજોયું.રોકસ્ટાર,ઈમ્તિઆઝ અલીની રણબીર કપૂરના લીડ રોલવાળી ફિલ્મ ૨૦૧૧માં પહેલી વખત રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું સંગીત, તેના કલાકારોના અભિનય વગેરેની એક એક ક્ષણ તેના દરેક ફૅનને યાદ છે. તેની દર્શકોના મન પર ઉંડી અસર થઈ હતી. આ ફિલ્મ રી-રિલીઝમાં પણ સમગ્ર ભારતમાંથી લગભગ ૧૦-૧૨ કરોડની કમાણી કરી છે.




# અભિનેત્રી દીપિકા પાદુકોણનું બોલીવુડમાં ગ્લેમરસ કમબેક

માતા બન્યા પછી, બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ સંપૂર્ણપણે તેની પુત્રી દુઆ પાદુકોણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. હવે દીપિકા પાદુકોણે સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક ગ્લેમરસ તસવીરો શેર કરીને હંગામો મચાવી દીધો છે. આ તસવીરોમાં દીપિકા પાદુકોણ ખૂબ જ સુંદર લાગી રહી છે.નેટીઝન્સ માને છે કે ગર્ભાવસ્થા પછી દીપિકા પાદુકોણ વધુ સુંદર બની ગઈ છે.દીપિકા પાદુકોણ મધ્ય પૂર્વમાં આયોજિત કાર્ટિયરની ૨૫મી વર્ષગાંઠની ઉજવણીનો ભાગ હતી. દુઆના જન્મ પછી આ કદાચ પહેલી વિદેશી ઘટના હશે જેમાં તે હાજર થઈ હશે. આ વાપસીમાં, તે પહેલાની જેમ ફેશન ગેમમાં સક્રિય જોવા મળી હતી. દીપિકા પ્રખ્યાત બ્રાન્ડ કાર્ટિયરની બ્રાન્ડ એમ્બેસેડર છે. હવે તે વધુ પ્રભાવશાળી દેખાવા માટે ખુબ મહેનત કરી રહી છે. આ વાતને ધ્યાનમાં રાખીને, તેણીએ એક એવો ગાઉન પસંદ કર્યો જે દેખાવમાં વધારાની બ્યુટીનું તત્વ ઉમેરી રહ્યો હતો. માતા બન્યા પછી, બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ સંપૂર્ણપણે તેની પુત્રી દુઆ પાદુકોણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે દીપિકા ઊંચી હોવાથી, આ ફિટ અને ફોલ તેના પર ખૂબ સારા લાગતા હતા.ફ્લોર લેન્થ ગાઉનની ખાસિયત તેની ડીપ પ્લંગિંગ નેકલાઈન હતી, જે ઓફ-શોલ્ડર ડિટેલિંગ સાથે જોડાયેલી હતી. તેની સ્લીવ્ઝ બિશપ શૈલીમાં રાખવામાં આવી હતી. અભિનેત્રી દીપિકા પાદુકોણનું બોલીવુડમાં ગ્લેમરસ કમબેક, દીપિકાએ ગળામાં સ્ટેટમેન્ટ નેકપીસ પહેર્યો હતો, જે ડ્રેસના ડીપ નેકને કારણે વધુ પ્રકાશિત થઈ રહ્યો હતો. નવી મમ્મીએ તેના અદભુત દેખાવને ડાયમંડ સ્ટડ્સ, સ્મોકી આંખો સાથે દોષરહિત મેકઅપ અને સ્ટાઈલિશ બન સાથે પૂર્ણ કર્યો.





# ચહલ અને મલ્લિકા સાથેના રિલીઝ ન થયેલા એપિસોડ રદ કરાશે?

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટની આસપાસનો વિવાદ ચાલુ છે. સમય રૈનાએ યુટ્યુબ પરથી બધા એપિસોડ દૂર કર્યા હોવાની જાહેરાત કરી છે, પરંતુ ચાહકોને ખાતરી નથી કે ઘણા લોકપ્રિય નામો સહિત રિલીઝ ન થયેલ સામગ્રી ક્યારેય પ્રસારિત થશે કે નહીં. ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટની આસપાસ ચાલી રહેલો વિવાદ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. જાહેર નિંદા અને કાનૂની મુશ્કેલીઓ બાદ, શોમાં મહેમાન રણવીર અલ્લાહબાદિયાની વિવાદાસ્પદ ટિપ્પણીઓ પછી, હોસ્ટ અને હાસ્ય કલાકાર સમય રૈનાએ પુષ્ટિ આપી હતી કે તેમણે યુટ્યુબ પરથી બધા એપિસોડ કાઢી નાખ્યા છે. એક ઈન્સ્ટાગ્રામ યુઝરે, @raptile_sayzz, તાજેતરમાં એક વિડીયો શેર કર્યો હતો જેમાં તે બધા એપિસોડનું સંકલન કરવામાં આવ્યું હતું જે હજુ સુધી પ્રસારિત થયા નથી. યુઝરે વધુમાં ખુલાસો કર્યો કે ઉર્ફી જાવેદ, કોમેડિયન તન્મય ભટ સાથે ફરાહ ખાન, બિગ બોસ વિજેતા મુનાવર ફારુકી સાથે મલ્લિકા શેરાવત, યુઝવેન્દ્ર ચહલ, દલીપ તાહિલ અને આશિષ વિદ્યાર્થી સહિત ઘણા લોકપ્રિય નામો પહેલાથી જ એપિસોડ રેકોર્ડ કરી ચૂક્યા છે. શોના ચાહકો ડિલીટ કરાયેલા એપિસોડથી નારાજ અને હતાશ થયા છે. એક ચાહકે લખ્યું, "મને ખબર છે કે તે આવશે નહીં, પણ હું હજુ પણ રાહ જોઈશ." આગળની પોસ્ટમાં લખ્યું, "કામ સે કામ ઓજી એપિસોડ તો રિલીઝ થશે હોને દેતે બેવફા લોગોન." બીજા યુઝરે લખ્યું, "ટાઈમ ટ્રાવેલ કર સકતે ક્યા? એક સીન કટ કરવાના હૈ બસ".

# વાયુસેનાના પાઇલટે પોતાના પ્રેમ માટે ૨૦ વર્ષ પાકિસ્તાની જેલમાં વિતાવ્યા

એશિયન લોકકથાઓમાં, ખાસ કરીને પાકિસ્તાન અને ભારતની, ઘણી બધી ક્લાસિક પ્રેમકથાઓ ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે જે સમયની કસોટી પર ખરી ઉતરી છે. લૈલા મજનુ, હીર રાંઝા, સોહની મહિવાલ અને આવા ઘણા યાદગાર પ્રેમીઓએ તેમના દ્વારા સામનો કરાયેલા તીવ્ર પ્રેમ, બલિદાન અને પડકારોનું ચિત્રણ કર્યું છે અને હવે તેઓ પ્રતિષ્ઠિત બની ગયા છે. આવી જ એક પ્રેમકથા તમને સાચી પ્રેમકથાઓમાં વિશ્વાસ કરાવશે. અમે વાત કરી રહ્યા છીએ એક એવા વાયુસેનાના પાઈલટ વિશે જે પોતાના પ્રેમ માટે જેલમાં જવાથી ડરતો ન હતો. આ જોડીની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રી તમને તેમના પ્રેમમાં પડી જશે. શું તમે અનુમાન લગાવી શકો છો કે અમે કઈ ફિલ્મ વિશે વાત કરી રહ્યા છીએ? વીર ઝારા એક એવી ફિલ્મ છે જે એક વાયુસેનાના પાયલોટની પ્રેમકથા દર્શાવે છે જે એક પાકિસ્તાની છોકરીના પ્રેમમાં પડે છે. તેનો મંગેતર હીરો સાથે રમત રમે છે અને બાદમાં જેલમાં જવા અથવા તેના પ્રેમ પર આરોપ લગાવવા વચ્ચે પસંદગી કરવાની હોય છે. પ્રેમમાં પાગલ હીરો ચૂપ રહે છે અને તેના પ્રેમને સુરક્ષિત રાખવા માટે જેલમાં જવાનું પસંદ કરે છે. વીર પોતાના વર્ષો પાકિસ્તાની જેલમાં વિતાવે છે અને ઝારા તેને મૃત માને છે. પછી તે પોતાનું જીવન ભારતમાં તેના ગામને સમર્પિત કરે છે. વીસ વર્ષ પછી, જ્યારે તે વકીલની મદદથી જેલમાંથી મુક્ત થાય છે, ત્યારે તેને તેના જીવનનો પ્રેમ મળે છે. બંને આખરે એક થઈ જાય છે. આ વેલેન્ટાઈન ડે પર, તમારે વીર ઝારા જોવી જોઈએ અને તેમની પ્રેમકથાનો ભાગ બનવું જોઈએ.




આ ફિલ્મ અમિતાભ-અભિષેકના કરિયરની મહત્વપૂર્ણ ફિલ્મોમાંની એક માનવામાં આવે છે

# 'સરકાર' માટે અમિતાભ બચ્ચન અને અભિષેક મારી પસંદ ન હતી

'સરકાર' રામ ગોપાલ વર્મા તેમજ અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચનના કરિયરની મહત્વપૂર્ણ ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. પરંતુ જાણીને નવાઈ લાગશે કે આ ફિલ્મ માટે રામ ગોપાલ વર્માની પહેલી પસંદગી અમિતાભ કે તેમનો પુત્ર અભિષેક નહોતા. પહેલા આ ફિલ્મનું નામ 'નાયક' હતું અને દિગ્દર્શકે તેમાં સંજય દત્ત અને નસીરુદ્દીન શાહને સાઈન કર્યા હતા. આ ખુલાસો ખુદ રામ ગોપાલ વર્માએ એક ઈન્ટરવ્યુમાં કર્યો છે.રામ ગોપાલ વર્માએ કહ્યું, 'જ્યારે સંજય દત્તની ૧૯૯૩ના બ્લાસ્ટ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે હું 'નાયક' નામની ફિલ્મ પર કામ કરી રહ્યો હતો. આ દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેની રિલીઝની રાહ જોતી વખતે, મેં એક એક્શન કોમેડી બનાવી, જે સુપરહિટ સાબિત થઈ. દિગ્દર્શકે જણાવ્યું કે અમિતાભ અને અભિષેક સાથે આ ફિલ્મ કઈ મજબૂરીમાં બનાવવી પડી.રામ ગોપાલે આગળ કહ્યું, 'જ્યારથી તે ફિલ્મ સફળ થઈ, ત્યારે સંજય રિલીઝ થઈ ત્યારે અમે રાજકીય ફિલ્મને બદલે બીજી એક્શન-કોમેડી બનાવવાનું નક્કી કર્યું.' જોકે, તે ફિલ્મ સારી ચાલી ન હતી. જો તે ફિલ્મ સફળ ન થઈ હોત, તો હું આ એક્શન-કોમેડી ન બનાવત. અને પછી 'નાયક' બંધ થઈ ગયું અને તેનું શીર્ષક પણ પડતું મૂકવામાં આવ્યું.સંજય દત્ત અને નસીરુદ્દીન શાહને લઈને બનવાની હતી 'સરકાર'જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું રામ ગોપાલ વર્માએ પહેલા સંજય દત્ત સાથે 'સરકાર' બનાવવાનું નક્કી કર્યુ હતું, ત્યારે તેમણે કહ્યું, 'ફિલ્મમાં સંજય દત્ત અભિષેકની ભૂમિકા ભજવવાના હતા અને નસીરુદ્દીન શાહ અમિતાભની ભૂમિકા ભજવવાના હતા.' જ્યારે 'નાયક' બની શક્યું નહીં ત્યારે 'સરકાર' બની. જો મેં 'નાયક' બનાવી હોત, તો હું ક્યારેય 'સરકાર' ન બનાવત, ભલે ગમે તેટલો પ્રભાવ હોય.'સરકાર' 'ધ ગોડફાધર' થી પ્રેરિત હતી'સરકાર' વર્ષ ૨૦૦૫ માં રિલીઝ થઈ હતી અને તે એક રાજકીય થ્રિલર હતી. આ ફિલ્મ હોલીવુડ ફિલ્મ 'ગોડફાધર' થી પ્રેરિત હતી. આમાં, અમિતાભ બચ્ચને એક શક્તિશાળી નેતાની ભૂમિકા ભજવી હતી, જ્યારે અભિષેકે તેમના પુત્ર શંકરની ભૂમિકા ભજવી હતી, જે તેમના પિતાનું સિંહાસન સંભાળે છે.

# અંદાજ અપના અપના' રી રિલીઝ કરવાની તૈયારી

## રાજકુમાર સંતોષીની કોમેડી ફિલ્મ 'અંદાજ અપના અપના'માં સલમાન ખાન અને આમિર ખાન મુખ્ય ભૂમિકામાં છે

રાજકુમાર સંતોષીની ફિલ્મ 'અંદાજ અપના અપના' ૩૧ વર્ષ પછી એપ્રિલમાં ફરી એકવાર સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં સલમાન ખાન અને આમિર ખાન મુખ્ય ભૂમિકામાં છે. જો કે, આ બધા વચ્ચે, સલમાન ખાનના ચાહકો પોતાની માંગણીઓ કરતા અને 'તેરે નામ'ની રિલીઝની માંગ કરતા જોવા મળે છે.ફિલ્મ 'અંદાજ અપના અપના' માં આમિર ખાન અને સલમાન ખાનની જોડી ખૂબ જ હિટ રહી હતી. લગભગ ૩૧ વર્ષ પછી, ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક રાજકુમાર સંતોષીની કોમેડી ફિલ્મ 'અંદાજ અપના અપના' ફરી એકવાર રિલીઝ થવા જઈ રહી છે. હા, સમાચાર એ છે કે 'અંદાજ અપના અપના' આ વર્ષે એપ્રિલમાં સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. જોકે, આ સમાચારો વચ્ચે, સોશિયલ મીડિયા પર એક અલગ જ હિલચાલ જોવા મળી રહી છે, જે સલમાન ખાનની ફિલ્મ 'તેરે નામ' સાથે સંબંધિત છે.રાજકુમાર સંતોષીની કોમેડી ફિલ્મ 'અંદાજ અપના અપના'માં સલમાન ખાન અને આમિર ખાન મુખ્ય ભૂમિકામાં છે.




રાજકુમાર સંતોષીએ કહ્યું, 'અંદાજ અપના અપના મારા હૃદયની ખૂબ નજીક છે અને આ વર્ષે એપ્રિલમાં આ ફિલ્મ ફરીથી રિલીઝ થશે તે સાંભળીને હું ખૂબ જ ઉત્સાહિત છું. આ ફિલ્મમાં રવિના ટંડન, કરિશ્મા કપૂર, પરેશ રાવલ અને શક્તિ કપૂર પણ છે, અને તે ૪ નવેમ્બર, ૧૯૯૪ ના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ સિનેપોલિસ દ્વારા સમગ્ર ભારતમાં ફરીથી રિલીઝ કરવામાં આવશે.ફિલ્મ નિર્માતાએ કહ્યું, 'નમ્રતા, પ્રીતિ, અમોદ સિંહા અને ફિલ્મનું નિર્માણ કરનારા વિનય કુમાર સિંહાના બાળકો આ ફિલ્મને ભારતીય દર્શકો સમક્ષ મોટા પડદા પર લાવવા માટે તૈયાર છે.' અમે ફિલ્મને મોટા પાયે ફરીથી રિલીઝ કરવા માંગીએ છીએ. અમે આખી ફિલ્મને ૪k અને ડોલ્બી ૫.૧ સાઉન્ડમાં રિસ્ટોર અને રીમાસ્ટર કરી છે.તેમણે કહ્યું, 'આ અમારા પિતાને શ્રદ્ધાંજલિ છે, જેમણે આ ફિલ્મ બનાવવા માટે તમામ અવરોધો પાર કર્યા અને અમને એક અદ્ભુત ફિલ્મ આપી.' આ બધા વચ્ચે, સોશિયલ મીડિયા પર લોકોની પ્રતિક્રિયાઓ પણ જોવા મળી રહી છે. સલમાન ખાનના ચાહકોની એક અલગ જ માંગ છે. મોટી સંખ્યામાં લોકો એક જ વાત કહી રહ્યા છે - એકવાર 'તેરે નામ' રિલીઝ થશે, તો સિનેમાઘરોમાં હંગામો થશે. બીજા એક ચાહકે કહ્યું- તે અરાજકતા ફેલાવશે ભાઈ. મોટી સંખ્યામાં લોકોએ એ જ વાત કહી છે કે તેરે નામ એકવાર ફરીથી રિલીઝ કરો અને પછી જુઓ કે હાઉસફુલ કોને કહેવાય.'અંદાઝ અપના અપના' એક એક્શન-કોમેડી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અર્ધ-હિટ રહી હતી, પરંતુ વર્ષોથી તે એક કલ્ટ ફિલ્મ તરીકે ઉભરી આવી છે. મનોરંજક વાર્તાની સાથે, તે તેના શાનદાર સંવાદો માટે પણ જાણીતું છે.

# 'મિસિઝ' ફિલ્મે ઓટીટી જગતના મોટા રેકોર્ડ તોડ્યા

## આ ફિલ્મને સૌથી મોટું ઓપનિંગ મળ્યું, ગૂગલ પર સૌથી વધુ સર્ચ થનારી ફિલ્મ બની ગઈ છે

સાન્યા મલ્હોત્રા અલગ પ્રકારના રોલ કરવા માટે જાણીતી એક્ટ્રેસ છે. તાજેતરમાં તેની ફિલ્મ 'મિસિઝ' ઓટીટી પર રિલીઝ થઈ છે અને તેના કારણે સાન્યાના ખૂબ વખાણ થઈ રહ્યા છે. સાથે જ ઝીપ પર રિલીઝ થયેલી આ ફિલ્મે રેકોર્ડ તોડી નાખ્યા છે. ઝીપ દ્વારા મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મની સફલતા અંગેની પોસ્ટ શેર કરવામાં આવી હતી. સાન્યા મલ્હોત્રાનું આ પોસ્ટર શેર કરીને લખ્યુ હતું, "મિસિઝે બ્લોકબસ્ટર શરૂઆત કરી છે. આ ફિલ્મ જોવાનું ચૂકશો નહીં." જ્યારે પોસ્ટર પર લખ્યું હતું, "રેકોર્ડ તૂટી ગયા, ઝીપની સૌથી મોટી ઓપનિંગ મળી છે." સોમવારે આ જ પ્લટફર્મ પર એવું શેર કરવામાં આવ્યું હતું, "કે મિસિઝ ગૂગલ પર સૌથી વધુ સર્ચ થયેલી ફિલ્મ બની ગઈ છે, જે તેની લોકપ્રિયતા સાબિત કરે છે."આ ફિલ્મ જોનાર દર્શકો પણ માને છે કે આ ફિલ્મ આ પ્રકારની સફળતાને લાયક છે. લોકોને આ ફિલ્મમાં સાન્યા મલ્હોત્રાનો અભિનય અને પાત્ર ખૂબ પસંદ પડ્યા છે. આરતી યાદવ દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે, જેની રસપ્રદ વાર્તા માટે દર્શકો અને વિવેચકો બંનેએ ફિલ્મ વખાણી છે. મજબૂત અભિનય સાથે તેમાં લાગણીનું ઉંડાણ પણ જોવા મળ્યું છે. સાન્યા સાથે આ ફિલ્મમાં નિશાંત દહિયા અને કંવલજીત સિંઘ સહિતના કલાકારો પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ ખૂબ વખણાયેલી મલિયાલી ફિલ્મ 'ધ ગ્રેટ ઈન્ડિયન કિચન'ની ઓફિશિયલ રિમેક છે. આ ફિલ્મમાં એક ટ્રેઈન ડાન્સર અને ડાન્સ ટીચરની વાત છે. જે લગ્ન પછી એક એવા ઘર અને ઘરની જવાબદારીઓમાં જકડાઈ જાય છે કે સતત ચાલતા ઘરકામ અને નવા પરિવારને ખુશ કરવાની તેમજ તેમનાં મનમાં જગ્યા બનાવવાની કોશિશોમાં તે પોતાની કારકિર્દીને પાછળ છોડતી જાય છે, જે તેને ખટકે છે. ભારતીય સમાજમાં મહિલાઓ પાસે જવાબદારીઓ અને અપ ેક્ષાાઓના ભારણ તળે આવીને પોતાનું સર્વસ્વ ગુમાવી દેવાની પરંપરા પર આ ફિલ્મે ઘણી ચર્ચા જગાવી છે. જ્યાં આ મહિલાઓને દરરોજ પરિવારની જવાબદારીઓ અને અવગણનાઓનો સામનો કરવો પડે છે. જેમાંથી તે પોતાનો રસ્તો બનાવવાની કોશિશ કરે છે, પોતાનો અવાજ શોધવાની કોશિશ કરે છે પરંતુ પરિવાર દ્વારા તે દબાવી દેવાય છે.આ ફિલ્મ ન્યુયોર્ક ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવાઈ હતી, જ્યાં સાન્યાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો અને ૨૦૨૩માં આ ફિલ્મ ટોલિન બ્લેક ફિલ્મ ફેસ્ટિવલમાં પણ દર્શાવાઈ હતી. આ ફિલ્મની ડિરેક્ટર આરતી યાદવે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું, "મને લાગ્યું કે આ ફિલ્મ અને વાર્તા ઉત્તર ભારત સંદર્ભે બને તો તે વધુ લોકો સુધી પહોંચી શકશે. ઉત્તર ભારતમાં પણ આ ફિલ્મ દક્ષિણ ભારત જેટલી જ લાગુ પડે છે. મને લાગ્યું કે લોકોએ આ ફિલ્મ જોવી જોઈએ. હું ઈચ્છતી હતી કે મારી મા પણ ધ ગ્રેટ ઈન્ડિયન કિચન ફિલ્મ જુએ. પણ તે ૧૫-૨૦ મિનિટ જ જોઈ શકી, કારણ કે એને સબટાઈટલ્સ સાથે ફિલ્મ જોવાની ટેવ નથી, તેથી હું માનું છું કે મેં એના માટે જ આ ફિલ્મ કરી છે."



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઇન્ડિયન એક્સપ્રેસ ગ્રૂપ દ્વારા

# અમદાવાદમાં 'ગુજરાત સ્ટાર્ટ-અપ્સ : ફ્યુઅલિંગ ઇનોવેશન એન્ડ ઇકોનોમિક ગ્રોથ' વિષય પર આયોજિત કાર્યક્રમમાં પ્રોત્સાહક ઉપસ્થિતિ

### પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરનાર દરેક યુવાનને મદદ કરવા રાજ્ય સરકાર હંમેશાં તૈયાર છે : મુખ્યમંત્રી





। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રૂપ દ્વારા અમદાવાદમાં 'ગુજરાત સ્ટાર્ટ-અપ્સ : ફ્યુઅલિંગ ઈનોવેશન એન્ડ ઈકોનોમિક ગ્રોથ' વિષય પર આયોજિત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે સ્ટાર્ટ અપને લઈને કોઈપણ વિચાર આવે અને એ વિચારને જમીન પર ઉતારવાનો થાય તેમાં રાજ્ય સરકાર હરહંમેશ મદદરૂપ બની છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસરની ભૂમિકામાં રહ્યું છે.

યુવાનોને માર્ગદર્શન આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે જો કોઈ યુવાન પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરે, તો સરકાર હંમેશાં તેને મદદ કરવા માટે તૈયાર છે. આજના યુવાનોએ નોકરીના બદલે પોતાનો બિઝનેસ શરૂ કરવાનો વિચાર કરવો જોઈએ, જેથી કરીને પોતાના બિઝનેસ થકી અનેક લોકોને રોજગારી મળશે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સ્ટાર્ટ અપ પર વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે આજે સ્ટાર્ટઅપ ક્ષેત્રને લઈને રાજ્ય સરકાર દ્વારા ખૂબ મોટું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્ટાર્ટ અપ એક એવી વસ્તુ છે જેમાં દરેક સમસ્યાનું સોલ્યુશન મળી રહે છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે ગુજરાત ફાયનાન્શિયલ મેનેજમેન્ટમાં કોવિડ પછી નંબર વન રહ્યું છે. આજે ભારતમાં ગુજરાત એક એવું રાજ્ય છે જે પોતાનું દેવુ ઘટાડી રહ્યું છે અને ફાયનાન્શિયલ પ્લાનિંગ સાથે સતત આગળ વધી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પમાં ગુજરાત લીડ લેશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આજે મીડિયામાં સરકારનું જે પણ નેગેટિવ આવે છે, આ દરેક નેગેટિવને અમે પોઝિટિવ અપ્રોચ સાથે લઈએ છીએ અને તેના ઉકેલ માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે. આ સાથે મીડિયામાં આવતા દરેક ન્યૂઝની રિયાલિટી ચેક કરવાની પણ સૌને અપીલ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના અગ્રસચિવ સુશ્રી મોના ખંધાર, બાપુનગરના ધારાસભ્ય શ્રી દિનેશ કુશવાહ, ઈન્ડિયન એક્સપ્રેસ ગુજરાતના રેસિડેન્ટ એડિટર લીના મિશ્રા, સિનિયર જનરલ મેનેજર હરેશ ભગદેવ, બ્યુરો ચીફ પરિમલ ડાભી, ડેપ્યુટી જનરલ મેનેજર સૌમ્ય કુમાર અને યુવા સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંગીતપ્રેમી ભરૂચીઓનો જિલ્લા વહીવટી તંત્રના નવલા નજરાણાને અભુતપૂર્વ પ્રતિસા





। (માહિતી) ભરૂચ, તા.૧૫ ।

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા વહીવટીતંત્ર, ભરૂચ દ્વારા આયોજીત બે દિવસીય શુકલતીર્થ ઉત્સવમાં ગુજરાતના વિવિધ કલાવૃંદો દ્નારા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બીજા દિવસે ઉત્સવની શરૂઆતમાં ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા અને અન્ય મહાનુભાવોના વરદ્હસ્તે દિપ પ્રાગટય થકી કરવામાં આવી હતી.મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે, આદિવાસી યાહામોગી નવયુવક લોકકલા ટ્રસ્ટ દ્નારા હોળી નૃત્ય, મોતાલી પ્રાથમિક શાળા, અંકલેશ્વર પ્રાચિન ગરબો, રાઠવા આદિવાસી જનજાતિ નૃત્ય મંડળ રાઠવા નૃત્ય, સાંઈ નૃત્ય એકેડમી નવદુર્ગા થીમ ડાન્સ રજૂ કર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમની જમાવટ કરી જિલ્લાની જનતાને અનેરા આનંદની અનુભૂતિ કરાવી હતી. ગુજરાતના પ્રખ્યાત કલાકાર જીગ્નેશ કવિરાજ અને તેમની ટીમે શુકલતીર્થ ઉત્સવમાં પરફોર્મ કરી સંગીતના સૂરથી મંત્રમુગ્ધ કર્યા હતા. ડાયરા અને નવીન tracks ના ગીતોના પ્રસ્તુતિકરણ કરી નગરજનોને સંગીતથી મોહિત કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, પ્રાંત અધિકારી સુ. શ્રી મનિષા મનાણી, સંચાલક મંડળના પ્રમુખશ્રી પ્રવિણસિંહ રણા, યુવા અધિકારી સુ.શ્રી મિતાબેન ગવલી, ગામના સરપંચશ્રી, સહિતના વરિષ્ઠ અધિકારી તથા જિલ્લા અગ્રણીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર ખાતે સલામતી કાર્યક્રમ યોજાયો




। વડોદરા, તા.૧૫ ।

તા.૧૪/૦૨/૨૦૨૫ના રોજ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર ખાતે ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, UNICEF, પોલીસ વિભાગ તેમજ આર. ટી. ઓ. વડોદરાના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડૉ.મનીષ રાવલ, NSS પ્રોગ્રામ કોર્ડીનેટર ડો.રણછોડ રાઠવી પોલીસ ઈન્સ્પેકટર વી. એન.ચૌધરી, આર.ટી.ઓ.ઈન્સ્પેકટર રાજેન્દ્ર રાઠવા, રોડ સેફ્ટી ઓથોરિટીનાં એચ.એ.ડાભી તેમજ UNICEF નાં કન્સલટન્ટ ડૉ. પુજા દવે ઉપસ્થિત રહેલ. જેમાં યુનિવર્સિટી તેમજ ITIનાં આશરે ૫૦૦ વિદ્યાર્થીને સેફ ડ્રાઈવિંગ તેમજ માર્ગ સલામતીની સામાન્ય સમજ વિષે જાણકારી આપેલ છે.

# રાજ્ય કક્ષાના કલા ઉત્સવમાં વલસાડની વિદ્યાર્થિનીએ ચિત્રકલામાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધાર્યું



। (માહિતી) વલસાડ, તા.૧૫ ।

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને ગાંધીનગર જીસીઈઆરટી પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર દ્વારા 'ગરવી ગુજરાત' થીમ આધારિત યોજાયેલા રાજ્ય કક્ષાના કલા ઉત્સવમાં વલસાડની BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિરની ગર્લ્સ સ્કૂલમાં ધોરણ-૯ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની માર્ગી દકુભાઇ વેકરિયાએ ચિત્રકલા માધ્યમિક વિભાગમાં સમગ્ર રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી માતા-પિતા, શાળા અને વલસાડ જિલ્લાને ગૌરવ અપાવ્યું હતું. આ ઝળહળતી સિધ્ધિ બદલ વિદ્યાર્થિની માર્ગી વેકરિયા અને કલા શિક્ષિકા મિતાલીબેન પટેલને શાળા મેનેજમેન્ટ તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વલસાડના ચણવઈ ફાર્મ પરથી આત્મા દ્વારા પ્રાકૃતિક ખેતી માટે શાકભાજીના છોડનું વિતરણ કરાયું





। (માહિતી) વલસાડ, તા.૧૫ ।

વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ફૂડ સિક્યુરિટી ઘટક હેઠળ બાગાયતના ખાતાના વલસાડ તાલુકાના ચણવઈ ફાર્મ પરથી શાકભાજીના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ખેડૂતો પોતાના ખેતરમાં છોડ રોપી અને પ્રાકૃતિક ખેતીના આયામોનો ઉપયોગ કરી જે પણ ખેત ઉત્પાદન થશે તે પોતાના ઘરે તેમજ અન્ય ગ્રાહકોને વેચાણ કરશે.

# ઝાલોદ સાયન્સ કોલેજ ખાતે નગરપાલિકા ચૂંટણી અંતર્ગત ચૂંટણી લક્ષી સાહિત્યનું વિતરણ કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

આજરોજ ૧૫-૦૨-૨૦૨૫ શનિવારના રોજ ઝાલોદ સાયન્સ કોલેજ ખાતે નગરપાલિકા તેમજ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી અંતર્ગત ચૂંટણી સાહિત્યની વહેંચણી ચૂંટણી ફરજ નિભાવતા કર્મચારીઓને ચૂંટણી અધિકારીની અધ્યક્ષતા હેઠળ સોપવામાં આવી હતી. સહુ પ્રથમ ઈ.વી.એમ મશીનના સ્ટ્રોંગ રૂમને રાજકીય પાર્ટીઓને બતાવી ખોલવામાં આવેલ હતું. ત્યારબાદ અલગ અલગ બુથ મથકોના નિમાયેલા સરકારી પ્રતિનિધિઓને બુથ સામગ્રીની વહેંચણી કરવામાં આવી હતી. જે સાહિત્ય તમામ ઉપસ્થિત સરકારી પ્રતિનિધિઓ દ્વારા ચેક કરી લઈ જવાની હોય છે. આ તમામ ચૂંટણી સાહિત્ય ચેક કર્યા બાદ સરકારી વાહન દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જે તે બુથ મથકો પર પહોંચાડવાની કામગીરી ચૂંટણી અધિકારી અજય ભાટિયા દ્વારા કરવામાં આવી હતી.

ચૂંટણી અધિકારી અજય ભાટીયા દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

૧૬ ફેબ્રુઆરીએ નગરપાલિકાના સાત વોર્ડ માટે ૩૨ મતદાન મથકો, ૧૫૦ મતદાન સ્ટાફની કામગીરી કરતા સરકારી પ્રતિનિધિઓ, ૩૨ પોલીંગ ઓફીસર, ૩૨ પ્રિસાંઈડીંગ ઓફિસર, ૩૨ આ.પ્રિ ઓફિસર, ૨૨ પોલીંગ ઓફીસર, ૩૨ એફ.પી.ઓ, ૩૨ પટાવાળા, ૯૦ પોલિસ, ૯૭ હોમગાર્ડ, ૨૦ એસઆરપી, ૩૪ બોડીવાન કેમેરા-હથિયાર, ૧ ડી.વાય.એસ.પી, ૩ પી.આઈ તેમજ ૫ પીએસઆઈ નો સમાવેશ કરવામાં આવેલ છે.

### સુરત શહેર પોલીસ દ્વારા નવી સિવિલ ખાતે

# પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌતના હસ્તે મહિલા તબીબો, નર્સિંગ સ્ટાફ, સફાઈ કર્મીઓને હેલ્મેટ વિતરણ કરાયું

### આજથી સુરતમાં Helmet on, Worry gone સાથે સુરત પોલીસની ખાસ ઝુંબેશ





। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

માર્ગ સલામતી અને સુરક્ષા સંદર્ભે સુરત પોલીસ વિભાગ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે મહિલા તબીબો, નર્સિંગ સ્ટાફ, સફાઈ કર્મીઓને પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌતના હસ્તે ૧૨૫થી વધુ મહિલા સ્ટાફગણને હેલ્મેટ નું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. આજરોજ સુરત શહેરમાં ઠેર ઠેર પોલીસ દ્વારા હેલ્મેટ ન પહેરનારા ઓ વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી કરી હતી. આ અવસરે પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, હેલ્મેટ એ પોલીસથી બચવા નહી પણ આકસ્મિક અથવા અજાણતાં જોખમો સામે પોતાની અને પરિવારના સભ્યોનું સુરક્ષા કવચ છે.

અકસ્માતની દરેક ઘટના બને છે તેમાં મોટા ભાગે હેલ્મેટ ન પહેરવાના કારણે જ ચાલકનું મૃત્યુ થાય છે. CCTV કેમેરા અને ડ્રોન કેમેરાથી બાજ નજર રાખીને હેલ્મેટ ન પહેરનારા ઓને ઈ-ચલણ ઈસ્યું કરવામાં આવશે. વારંવાર નિયમ ભંગ કરનારાઓનું લાઈસન્સ રદ તેમજ હેલ્મેટ ન પહેરનારા વાહન ચાલકોને સ્થળ પર જ ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવશે. શહેરીજનોને નાગરિકોને સલામતી સાથે નિયમો અનુસરવા અનુરોધ કર્યો



હતો. નગરજનો પોતાની સમજણથી સુરતમાં ટ્રાફિક સિગ્નલનું પાલન કરતા થયા છે એમ જ હેલ્મેટ પહેરીને ટુ-વ્હીલર ચલાવશો તો પોલીસ ક્યારેય તમને રોકશે નહીં એમ પોલીસ કમિશનરે જણાવ્યું હતું. નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલાએ કહ્યું હતું કે, આજથી સુરતમાં Helmet on, Worry gone સાથે સુરત પોલીસની ખાસ ઝુંબેશમાં નવી સિવિલના તબીબો, નર્સિંગ સ્ટાફગણ સહભાગી બન્યા હતા. પોતાના સ્વ-બચાવ માટે હેલ્મેટ ખૂબ જ જરૂરી છે. ટુ-વ્હીલર ચલાવતી વખતે અવશ્ય હેલ્મેટ પહેરવાનો અનુરોધ કરતા તેમણે સુરત પોલીસ દ્વારા નાગરીકોની સુરક્ષા અને સલામતી માટેની કામગીરીને બિરદાવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. પરિવારના સભ્ય ેતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા બળપણની યાદગીરીઓ તમને વિચારોમાં વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે?

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો. આજે હવામાન નો મૂડ એવો રહેશે કે તમે પથારી માં થી ઉભા થઈ શકશો નહીં.

**સિંહ (મ,ટ) :**
આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે.

**તુલા (ર,ત) :**
આજે તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે. પ્રેમ જીવન ગતિશીલ હશે.

**મકર (ખ,જ) :**
આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. જીવનસાથી તમારી સંભાળ લેશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારે તબિયત પર ધ્યાન આપવું પડશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. તમારો સમય અને શક્તિ અન્યોની મદદ કરવામાં ફાળવો.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઝારખંડના રાંચી ખાતે બીઆઈટી મેસરાના પ્લેટિનમ જ્યુબિલી સમારોહમાં હાજરી આપી






આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણો યુગ ટેકનોલોજીનો યુગ છે. માહિતી ટેકનોલોજીના ક્ષેત્રમાં નવી પ્રગતિએ આપણી જીવનશૈલી બદલી નાખી છે. ગઈકાલ સુધી જે અકલ્પ્ય હતું તે આજે વાસ્તવિકતા બની ગયું છે. તેમણે જણાવ્યું હતું કે આવનારા વર્ષો વધુ નાટકીય બનવાના છે જેમાં ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગમાં દૂરગામી પ્રગતિની અપેક્ષા છે. જેમ જેમ AI ઝડપથી અર્થતંત્રોમાં પરિવર્તન લાવી રહ્યું છે, તેમ તેમ ભારત સરકાર ઉભરતા સંજોગોનો સામનો કરવામાં ઝડપી રહી છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં AI ને એકીકૃત કરવા માટે ઘણી પહેલ કરવામાં આવી રહી છે.

## બે દેશોના વડા વ્યક્તિગત મુદ્દાની ચર્ચા કરતા નથી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની બેઠક દરમિયાન તેમણે ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામે અમેરિકાએ લગાવેલાં લાંચના આક્ષેપોની ચર્ચા નહોતી કરી. વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં એક પત્રકારે વડાપ્રધાન મોદીને પ્રશ્ન કર્યો હતો કે શું તેમણે ટ્રમ્પ સાથેની મુલાકાત દરમિયાન અદાણી અને તેમના મહત્વના સહયોગીઓ સામે કથિત લાંચના આરોપોનો મુદ્દો ઉઠાવ્યો હતો કે કેમ?આ પ્રશ્નનો જવાબ આપતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારત એક લોકશાહી દેશ છે અને અમારી સંસ્કૃતિ અને વિચારોની ફિલોસોફી 'વસુધૈવ કુટુમ્બકમ'ની છે. અમે સમગ્ર વિશ્વને એક પરિવાર માનીએ છીએ. હું દરેક ભારતીયને પોતાના માનું છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે વિશ્વના બે નેતાઓ મળે ત્યારે આ પ્રકારની વ્યક્તિગત બાબતોની ચર્ચા નથી કરતાં. બે દેશના ટોચના નેતાઓ ક્યારેય વ્યક્તિગત મુદ્દે વાત નથી કરતાં તેમ તેમણે જણાવ્યું હતું. ટ્રમ્પે પણ પ્રેસ સાથેની વાતચીતમાં આ કેસનો કોઈ ઉલ્લેખ નહોતો કર્યો. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના કથિત ભ્રષ્ટાચારને છાવરવાનો આક્ષેપ કર્યો છે. એક્સ પર એક પોસ્ટમાં રાહુલે જણાવ્યું હતું કે, દેશમાં જ્યારે વડાપ્રધાનને પ્રશ્ન પુછવામાં આવે છે ત્યારે તેઓ મૌન ધારણ કરી લે છે અને જ્યારે વિદેશમાં સવાલ કરાય ત્યારે તેઓ તેને વ્યક્તિગત મામલો હોવાનું જણાવે છે. અમેરિકામાં પણ મોદીજીએ અદાણીજીના ભ્રષ્ટાચાર પર ઢાંકપિછોડો કર્યો. મિત્રના ખિસ્સાં ભરવાએ મોદીજી માટે રાષ્ટ્ર નિર્માણ હોય ત્યારે લાંચ લેવી અને દેશની સંપત્તિ લૂંટવી એ વ્યક્તિગત બાબત બની જાય છે.

## કેરળના ચર્ચમાં ૧૦૦ વર્ષ પહેલાં નાશ પામેલા મંદિરના અવશેષ મળ્યા!

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૧૫ ।

કેરળના પલઈમાં રોમન કેથોલિક ચર્ચની જમીન પર એક પ્રાચીન મંદિરના અવશેષો મળી આવ્યા છે. આ મંદિર લગભગ ૧૦૦ વર્ષ પહેલાં નાશ પામ્યું હોવાની ચર્ચા છે. આ પછી ચર્ચ સમિતિ અને ફાધરે હિન્દુ સમુદાયને ધાર્મિક વિધિ 'દેવપ્રશ્નમ' કરવાની પરવાનગી આપી છે. 'દેવપ્રશ્નમ' એ ભગવાનની ઈચ્છા મેળવવા માટે કરવામાં આવતી એક જ્યોતિષીય વિધિ છે. સ્થાનિક હિન્દુ સંગઠનો અને ચર્ચના સભ્યોના જણાવ્યા અનુસાર ૪ ફેબ્રુઆરીએ જ્યારે ૧.૮ એકર જમીન પર કસાવા (ટેપીઓકા)ની ખેતી માટે ખોદકામ ચાલી રહ્યું હતું ત્યારે એક પ્રાચીન મંદિરના અવશેષો મળી આવ્યા હતા, જેમાં શિવલિંગનો પણ સમાવેશ થાય છે.આ જમીન વેલ્લાપ્પડુમાં શ્રી વનદુર્ગા ભગવતી મંદિરથી લગભગ એક કિલોમીટર દૂર આવેલી છે. પહેલા આ જમીન એક બ્રાહ્મણ પરિવારની માલિકીની હતી પરંતુ સમય જતાં તે કેથોલિક ચર્ચ પાસે આવી ગઈ. મંદિરના અવશેષો મળ્યા પછી સ્થાનિક હિન્દુ સંગઠનો અને ચર્ચ સત્તાવાળાઓ વચ્ચે ચર્ચા થઈ હતી. શ્રી વનદુર્ગા ભગવતી મંદિર સમિતિના સભ્ય વિનોદ કે.એસ.એ જણાવ્યું હતું કે મંદિરના અવશેષો ૪ ફેબ્રુઆરીના રોજ મળી આવ્યા હતા. બે દિવસ પછી ખબર સ્થાનિક લોકોએ ત્યાં દીવા પ્રગટાવ્યા ત્યારે અમને ખબર પડી. જેથી અમે તરત જ પલઈમાં બિશપ હાઉસના પાદરીઓનો સંપર્ક કર્યો અને ફાધરે હિન્દુ ધાર્મિક વિધિઓ કરવાની મંજૂરી આપી હતી. આ મામલે પલઈ ડાયોસીસના ચાન્સેલર ફાધર જોસેફ કુટ્ટીયાંકલે પણ મંદિરના અવશેષોની શોધની પુષ્ટિ કરીને કહ્યું હતું કે, અમારા હિન્દુ સમુદાય સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો છે અને તેને જાળવી રાખીશું. તેમની માંગણીઓ પ્રત્યે અમારો અભિગમ હંમેશા પ્રેમાળ રહેશે. હાલમાં મંદિર સમિતિ જમીન પર દાવો કરવાનું ટાળી રહી છે જેથી કોઈ વિવાદ ન થાય.

### ખાસ પદ્ધતિ અપનાવવા મામલે સુપ્રીમની સ્પષ્ટતા

# કાયદાના ચોક્કસરીતે અમલ માટે સંસદને નિર્દેશ ન આપી શકાય

### ફરિયાદીને ચાર્જશીટની નકલ નિઃશુલ્ક પૂરી પાડવા પોલીસ અથવા જિલ્લા કોર્ટને નિર્દેશ આપવા દાદ માગવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

કાયદાના અમલમાં કોઈ નિશ્ચિત પદ્ધતિ અપનાવવા માટે ધારાસભાને કોર્ટ દ્વારા નિર્દેશ આપી શકાય નહીં. જાહેર હિતની અરજીને ફગાવી દેવાના દિલ્હી હાઈકોર્ટના હુકમને પડકારતી અરજીમાં જસ્ટિસ બી.આર. ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચ દ્વારા સુનાવણી હાથ ધરાઈ હતી.

બેન્ચે અરજીની સુનાવણી ફગાવી દેતાં ઠરાવ્યુ હતું કે, સંસદે દરેક પાસાનો વિચાર કરીને નવો કાયદો બનાવ્યો છે. ધારાસભા (સંસદ)ને કાયદાના અમલની પદ્ધતિ સુનિશ્ચિત કરવા બાબતે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ કોઈ નિર્દેશ આપી શકે નહીં. ફરિયાદી અથવા પીડિતને કોઈ શુલ્કવગર ચાર્જશીટની નકલ આપવા માટે પોલીસ અથવા જિલ્લા અદાલતને નિર્દેશ આપવા માટે જાહેર હિતની અરજીમાં દાદ માગવામાં આવી હતી. કેન્દ્ર સરકાર તરફથી રજૂઆત થઈ હતી કે, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૨૩૦ સંદર્ભે જોઈએ તો આ અરજી નિરર્થક છે. કલમ ૨૩૦ અન્વયે



પોલીસ અહેવાલના આદારે કોઈ કેસની કાર્યવાહી હાથ ધરાઈ હોય તો મેજિસ્ટ્રેટે આરોપી અને પીડિતને પોલીસ અહેવાલ અને ફરિયાદની નકલના દસ્તાવેજો નિઃશુલ્ક આપવાના હોય છે.

અરજદારના વકીલે દલીલ કરી હતી કે, BNSSની કલમ ૨૩૦માં ફોજદારી કાર્યવાહીમાં ટ્રાયલ શરૂ થતા પહેલા ફરિયાદી અથવા પીડિતને રજૂઆત કરવાના અધિકારનો ઉલ્લેખ નથી. તેથી જિલ્લા કોર્ટોએ આવા મામલાને નોંધ પર લેતી વખતે ફરિયાદી અથવા પીડિતને નોટિસ આપવી જોઈએ અને તેમને પ્રી-ટ્રાયલ કાર્યવાહીનો ભાગ બનાવવા જોઈએ, જેથી તેમની રજૂઆતને કોર્ટ સાંભળી શકે. દિલ્હી હાઈકોર્ટે આ અરજીને ભગાવી દેતાં સુપ્રીમ કોર્ટના ચુકાદા અને ફોજદારી ધારામાં થયેલા સુધારાનો સંદર્ભ આપ્યો હતો.હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી અથવા પીડિત પ્રી-ટ્રાયલ કાર્યવાહીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તો તેમને આ માટે તેમને પૂરતા અધિકાર અપાયેલા છે. ફરિયાદી કે પીડિત દ્વારા અરજી સુપરત કરવામાં આવે ત્યારે તેમને દસ્તાવેજોની નકલ અપાય છે. ગૃહમંત્રાયલે ઓક્ટોબર-૨૦૨૦માં તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને માર્ગદર્શિકા જાહેર કરેલી છે, જેમાં મહિલા અને બાળકો પરના જાતિય અત્યાચારોના કેસમાં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP)નો અમલ કરવા જણાવાયું છે. તે મુજબ, પોલીસે પીડિત અથવા ફરિયાદીને કોઈ ચાર્જ લીધા વગર ચાર્જશીટની નકલ આપવાની રહે છે.

### મહાકુંભને બદનામ કર્યો તો ખેર નહીં

## પોલીસે ૫૪ સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ નોંધી FIR

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભમાં માનવમહેરામણ જોવા મળી રહ્યું છે. શ્રદ્ધાળુઓ ૧૪૪ વર્ષે યોજાનારા મહાકુંભમાં અનેરા ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. જોકે કેટલાક લોકો મહાકુંભને બદનામ કરવાનો પ્રયાસ કરતા રહે છે, જેની સામે ઉત્તર પ્રદેશ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ભ્રામક અને ખોટા વીડિયો પોસ્ટ કરી અફવા ફેલાવનારા ૫૪ સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ FIR દાખલ કરી છે. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી વાત સામે આવી છે કે, મહાકુંભને બદનામ કરવા માટે કેટલાક એકાઉન્ટમાંથી એવા વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા છે, જેને ભારત સાથે દૂર દૂર સુધી કોઈ લેવાદેવા નથી. થોડા દિવસો પહેલા મહાકુંભમાં એક સ્થળે આગ લાગી હતી, જેના વાયરલ થયેલા વીડિયોની હકીકત પણ સામે આવી છે. પોલીસે મહાકુંભમાં લાગેલી આગના વીડિયોની તપાસ કરતા તે વીડિયો ઈજિપ્તમાં લાગેલી આગના હોવાનું સામે આવ્યું છે. આ મામલે પાંચ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ, એક એક એકાઉન્ટ અને એક યૂટ્યૂબ ચેનલ વિરુદ્ધ કાર્યવાહી કરાઈ છે. એટલું જ નહીં પટણાના વીડિયોને મહાકુંભ દેખાડનારા સાત ફેસબુક અને આઠ એક્સ એકાઉન્ટ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. ઉત્તર પ્રદેશ પોલીસ અગાઉ પણ ભ્રામક પોસ્ટ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરી ચુકી છે. અત્યાર સુધીમાં ૫૪ સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ બાદ યુપી પોલીસ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કડક નજર રાખી રહી છે. ડીજીપીએ તમામને અપીલ કરી છે કે, ફેક વીડિયો અને ખોટા અહેવાલો પોસ્ટ અને શેર ન કરે. કુંભ મેલા પોલીસે એક પોસ્ટમાં કહ્યું કે, ગત વર્ષ ૨૦૨૪માં બિહારના પટણામાં ઘટના બની હતી, જેનો વીડિયો પોસ્ટ કરીને તેને મહાકુંભનો હોવાનું બતાવી અફવા ફેલાવવામાં આવી. આ મામલે પોલીસે વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. પોલીસે લોકોને અપીલ કરી છે કે, તેઓ તથ્યો ચકાસ્યા વગર સોશિયલ મીડિયા પર ભ્રામક પોસ્ટ ન કરે. આવી જ રીતે વર્ષ ૨૦૨૦માં ઈજિપ્તના કાહિરામાં આગ લાગી હતી, જેને કેટલાક લોકોએ મહાકુંભનો હોવાનું કહી અફવા વાયરલ કરી હતી. પોલીસે કહ્યું કે, કાહિરાની આગનો વીડિયો મહાકુંભનો બતાવી અફવા ફેલાવનારા સાત સોશિયલ મીડિયા એકાઉન્ટ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

### કોલસાની ખાણના ખાણિયાઓને લઈ જતી મિની બસ શિકાર બની

## પાક.ના બલૂચિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટમાં ૧૧ શ્રમિકોનાં મોત

### બલૂચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિંદે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યુ અને કહ્યું કે મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે



। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૧૫ ।

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં શુક્રવારે કોલસાની ખાણમાં કામ કરતા ખાણિયાઓને લઈ જઈ રહેલું એક વાહન રોડની બાજુમાં ગોઠવેલા બોમ્બમાં વિસ્ફોટનો શિકાર બન્યું હતું. જેમાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે અને સાત અન્ય લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં કેટલાક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.હરનાઈના ડેપ્યુટી કમિશનર હજરત વલી કાકરના કહેવા મુજબ, પ્રાંતના હરનાઈ જિલ્લાના શાહરાગ વિસ્તારમાં એક મિની ટ્રકમાં વિસ્ફોટમાં થયો હતો. આ ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે, તેમના મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે તથા સાત ઘાયલ મજૂરોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ પીડિતો કોલસાની ખાણમાં કામ કરતા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે પ્રાથમિક રિપોર્ટ પરથી ખ્યાલ આવે છે કે વિસ્ફોટ રોડની પાસે લગાવેલા એક ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ(આઈડીપી)ના કારણે થયો છે. આ દરમિયાન પોલીસ અધિકારીઓની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ગુનેગારોને પકડવા માટે શોધખોળ અભિયાન શરુ કર્યુ છે. બલૂચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિંદે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યુ અને કહ્યું કે મામલાની તપાસ શરુ કરવામાં આવી છે.

### નવા આવકવેરા બિલમાં જોગવાઇ

## ખેતીની જમીન ભાડે આપતાં મળતી આવકને કરમુક્તિનો લાભ નહીં

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

સંસદમાં રજૂ કરવામાં આવેલા ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં શહેરી વિસ્તારોમાંની ખેતીની જમીન ભાડે આપી તેના પર ભાડાંની આવક કરવામાં આવે તો તે ભાડાંની આવકને વેરાપાત્ર આવક ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતીની આવકને વેરામુક્ત આવક તરીકે ચાલુ રાખવામાં આવી છે, પરંતુ ખેતીને પ્રવૃત્તિને લગતા દસ્તાવેજોની હવે વધુ ચુસ્ત રીતે ચકાસણી કરવાનો નિર્ણય આવકવેરાના નવા સૂચિત ખરડામાં લેવામાં આવ્યો છે. આવકવેરા ધારા ૧૯૬૧ને રિપ્લેસ કરવા માટે સંસદમાં રજૂ કરવામાં આવેલા ઈન્કમટેક્સ બિલ ૨૦૨૫માં પ્રસ્તુત જોગવાઈ કરવામાં આવી છે. બીજીતરફ ખેતીની ઉપજ ઉપર પ્રોસેસ કરીને તેની મૂલ્માં વધારો કરવાની પ્રક્રિયા પછીના પ્રોડક્ટ્સ અને તેને બજારમાં માર્કેટેબલ બનાવવાથી થયેલી આવકને પણ હવે વેરાપાત્ર આવક તરીકે ગણી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતી થકી થતી આવકને વેરામાફીનો લાભ આપવાનું નવા સૂચિત આવકવેરા ધારામાં માન્યતા આપવામાં આવી રહી છે, પરંતુ ખેતીને લગતી પ્રવૃત્તિ અંગેના પુરાવાઓની વધુ ચીવટ પૂર્વક તપાસ કરવાનો નિર્ણય પણ તેની સાથે જ લેવામાં આવ્યો છે.

## RBI એ મુંબઈની 'ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેન્ક' પર નિયંત્રણો મુક્યાં

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા અહીંના બાંદરા વિસ્તારમાં આવેલી 'ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેન્ક' પર નિયંત્રણો લાદ્યા હતાં. રિઝર્વ બેન્કના આ નિર્ણયથી બેન્કના હજારો રોકાણકારોમાં બેન્ક કાચી પડી હોવાની શંકાથી ભારે ગભરાટ વ્યાપી જવા પામ્યો હતો. રિઝર્વ બેન્ક દ્વારા બેન્ક પર નવી થાપણ લેવા કે નાણાં ઉપાડવા પર પ્રતિબંધ મુકાયો છે.રિઝર્વ બેન્કે કરેલી કાર્યવાહીના સમાચાર વાયુ વેગે ફેલાઈ જતાં બેન્કની બહાર પોતાના નાણાં ઉપાડવા માટે ખાતેદારોની લાંબી લાઈનો લાગી હતી. શુક્રવારે સવારે બેન્કના ગ્રાહકોને રિઝર્વ બેન્કના નિર્ણયની જાણ કરતો એક મેસેજ મોકલવામાં આવ્યો હતો. બેન્કમાં વર્ષોથી ખાતું ધરાવતાં અજય મોરે નામના એક ખાતેદારે પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, છેલ્લાં ૨૨ વર્ષથી હું આ બેન્કમાં એકાઉન્ટ ધરાવું છું. મારી અને મારી પત્નીની તમામ બચત આ બેન્કમાં જમાં છે. અગાઉથી કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર આ રીતે નિયંત્રણો લાદી દેવાતાં હવે અમે અમારાં જ પૈસા માટે વલખાં મારી રહ્યાં છીએ. અનેક લોકોએ રિઝર્વ બેન્કના આવા ઓચિંતા નિર્ણયની નિંદા કરી હતી અને જણાવ્યું હતું કે, મધ્યસ્થ બેન્કે ગ્રાહકોને પહેલાં સાવધ કરવા જોઈતાં હતાં.

# કરાચીના સ્ટેડિયમમાં બનાવટી ઓળખ સાથેનો વ્યક્તિ ઝડપાયો

### પાકિસ્તાનમાં ૧૯મીથી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ થનારો છે જેમાં આઠ ટીમ ભાગ લેનારી છે

। (એજન્સી) કરાચી, તા.૧૫ ।

પાકિસ્તાનમાં સુરક્ષાની વ્યવસ્થા અને જોખમને કારણે ભારત સરકારે તેની ક્રિકેટ ટીમને ત્યાં નહીં મોકલવાનો નિર્ણય લીધો હતો અને તેને સમર્થન મળી ગયું હતું કેમ કે જ્યાં અત્યંત મહત્વની મેચો રમાનારી છે અને આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજનને હવે માંડ એક સપ્તાહનો સમય રહી ગયો છે ત્યારે કરાચીના નેશનલ સ્ટેડિયમ ખાતે એક બનાવટી ઓળખપત્ર સાથે ઘુસેલી વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે શુક્રવારે રમાનારી ત્રિકોણીય વન-ડે સિરીઝની ફાઈનલ અગાઉ આ વ્યક્તિને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે મુઝમીલ કુરેશી તરીકે ઓળખાયેલી આ વ્યક્તિ મુખ્ય પ્રવેશદ્વારથી સ્ટેડિયમની અંદર પ્રવેશવાનો પ્રયાસ કરતી હતી અને તેને ઝડપી લેવામાં આવી હતી. તેની પાસે મીડિયાકર્મીનો પાસ હતો અને તે પોતાને પત્રકાર તરીકે ઓળખાવતો હતો પરંતુ તપાસ કરતાં ખ્યાલ આવ્યો હતો કે તેની પાસે રહેલું આસીસી કે પીસીબીનું ઓળખપત્ર નકલી હતું તેમ કહીને પોલીસ અધિકારીએ ઉમેર્યુ હતું કે સુરક્ષા કર્મચારીને શંકા જતાં તેની પૂછપરછ કરાઈ હતી જેમાં તેની પાસેથી અન્ય એક ઓળખ પત્ર મળી આવ્યું હતું જેમાં તે પોતાને કેમેરામેન ગણાવતો હતો. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે મુઝમીલ કુરેશીની અટકાયત કરવામાં આવી છે અને વિસ્તારના પોલીસ મથકમાં તેની પૂછપરછ ચાલી રહી છે અને તે તપાસમાં આવી રહ્યું છે કે તેણે ક્યાંથી આ ઓળખપત્ર મેળવ્યું હતું. તે શા માટે આ રીતે પ્રવેશ કરવા માગતો હતો તેની પણ તપાસ ચાલી રહી છે. પાકિસ્તાનમાં ૧૯મીથી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો પ્રારંભ થનારો છે જેમાં આઠ ટીમ ભાગ લેનારી છે પરંતુ ભારત તેની તમામ મેચ દુબઈમાં રમશે. આઈસીસીની વ્યવસ્થા મુજબ ભારતીય ટીમ ફાઈનલમાં આવશે અને તે વખતે તેનું હરીફ પાકિસ્તાન હશે તો પણ તે મેચ દુબઈમાં રમાશે. જોકે ટુર્નામેન્ટનું મુખ્ય આયોજક પાકિસ્તાન છે.હાલમાં રમાઈ રહેલી ત્રિકોણીય વન-ડે સિરીઝમાં પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે મેચો રમાઈ રહી છે જેમાં યજમાન ટીમ અને ન્યૂઝીલેન્ડ શુક્રવારે કરાચીમાં જ ફાઈનલ રમશે. આ મેચ માટે સુરક્ષા વ્યવસ્થા અત્યંત કટક બનાવવામાં આવી છે જેમાં સાત હજાર પોલીસકર્મીઓને તૈનાત કરાયેલા છે.

**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**

ઇલેક્ટ્રિકલ અને TRD કાર્ય

ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : 38 વર્ષ 2024-25 date 13/02/2025 ઈ-ટેન્ડર સંખ્યા : DRM-RJT-2024-25-E-68R1 કામનું નામ : રાજકોટ વિભાગ:- વિરમગામ - ઓખા વિભાગમાં ૧૭ લેવલ ક્રોસિંગ ગેટ એલસી નંબર 28, 31, 69, 74, 82, 90, 136, 147, 201, 202, 236, 289, 304, 305 અને 306, રાજકોટ - ભક્તિનગર વિભાગમાં એલસી નંબર ૪ અને મકનસર - મોરવી વિભાગમાં એલસી નંબર ૩૧ પર IPS ની જોગવાઈ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટની વિશ્વસનીયતા સુધારવા માટે એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રિકલ અને TRD કામ અંદાજિત NIT ખર્ચ : ₹1,73,21,660.55 અર્નેસ્ટ મની ડિપોઝીટ : ₹2,36,600.00 ટેન્ડર ખુલવાની તારીખ અને સમય : 10/03/2025 ના રોજ 15:00 કલાક ઓફિસ સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત 360 001 વેબસાઇટ : www.ireps.gov.in 171

અમને લાઇક કરો: facebook.com/WesternRly

इन्दिरा गाँधी राष्ट्रीय कला केन्द्र
INDIRA GANDHI NATIONAL CENTRE FOR THE ARTS

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Gujarat Tourism



# સોમનાથ મહોત્સવ
## કલા દ્વારા આરાધના



## કલા અને સંસ્કૃતિ દ્વારા
# આરાધનાનો અલૌકિક ઉત્સવ

શ્રી સોમનાથ મંદિર, ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે વિશ્વભરમાં જાણીતું છે. મહાશિવરાત્રીના પાવન અવસર પર અહીં દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ વર્ષે શિવરાત્રીના મહાપર્વ પર શ્રદ્ધાળુઓ માટે કલા સાથે આરાધનાના ઉદ્દેશ્યથી તા.24 થી 26 ફેબ્રુઆરી, 2025 દરમિયાન શાસ્ત્રીય સંગીત અને નૃત્ય કલાના ત્રિ-દિવસીય "સોમનાથ મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



## ત્રિ-દિવસીય મહોત્સવની રૂપરેખા

### દિવસ 01 | 24મી ફેબ્રુઆરી

- ડૉ. સોનલ માનસિંહ (પદ્મ વિભૂષણ) દ્વારા 'નાટ્યકથા હર હર મહાદેવ'ની પ્રસ્તુતિ
- કુ. સૂર્યાગાયત્રી દ્વારા શિવ ભજન
- વિદુષી રામા વૈધનાથન દ્વારા 'નિમગ્ન'ની પ્રસ્તુતિ
- ડ્રમ્સ શિવમણિ અને શ્રી પંડિત રોનુ મઝુમદાર (પદ્મશ્રી) (કીબોર્ડ પર શ્રી અતુલ રાણીંગા)ની જુગલબંધી

### દિવસ 02 | 25મી ફેબ્રુઆરી

- શ્રી રામચંદ્ર પુલાવર (પદ્મશ્રી) દ્વારા શેડો પપેટ્રી શો
- વિદુષી સુધા રઘુરામન દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ
- શ્રી કુમુદિની લાખિયા (પદ્મ વિભૂષણ) અને કદંબ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ
- શ્રી અતુલ પુરોહિત દ્વારા ભજન

### દિવસ 03 | 26મી ફેબ્રુઆરી (શિવરાત્રી)

- બરોડા કેરલા સમાજમ દ્વારા સિંગરી મેલમ તથા નિલેશ પરમાર દ્વારા ગુજરાતી લોકનૃત્યની પ્રસ્તુતિ
- શ્રી યોગેશ ગઢવી દ્વારા ડાયરાની પ્રસ્તુતિ
- શ્રીમતી રાજશ્રી વોરિયર અને ગ્રુપ દ્વારા પ્રસ્તુતિ
- શ્રી મૈસુર મંજુનાથ દ્વારા વાયોલિન પ્રસ્તુતિ
- સ્પર્શ સ્ટુડિયો ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ (શ્રીમતી સુમન સ્વરાગી) દ્વારા 8 શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો દ્વારા શિવ મહિમાની પ્રસ્તુતિ
- પંડિત વિશ્વમોહન ભટ્ટ (પદ્મ ભૂષણ) તથા પંડિત સલિલ ભટ્ટ દ્વારા 'ડેઝર્ટ સ્લાઇડ્સ'ની પ્રસ્તુતિ
- પંડિત શશાંક સુબ્રમણ્યમ દ્વારા વાંસળી વાદન
- માઇસ્ટ્રો બિક્રમ ઘોષ દ્વારા "રિધમસ્કેપ"

આ શિવરાત્રી ઉજવો શિવભૂમિ ગુજરાતમાં



**સોમનાથ મહાદેવ**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં સૌપ્રથમ માનવામાં આવે છે.



**ભવનાથ મહાદેવ**
ગિરનારની તળેટીમાં ભવનાથ રૂપે શિવજી બિરાજે છે.



**હાટકેશ્વર મહાદેવ**
વડનગરમાં સ્થિત હાટકેશ્વર મહાદેવ એક અત્યંત પ્રાચીન અને પૂજનીય મંદિર છે.



**નાગેશ્વર મંદિર**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં થી એક અને ગુજરાતમાં સ્થિત બે જ્યોતિર્લિંગ માંથી એક છે.

**સોમનાથ મહોત્સવ** 24 થી 26 ફેબ્રુઆરી, 2025 | સાંજે 7.00 વાગ્યાથી | સમુદ્રદર્શન પથ પાસેનું મેદાન, સોમનાથ મંદિરની પાસે, ગીર સોમનાથ

www.gujarattourism.com | Toll Free number - 1800 203 1111

"વાધમ્-નાદસ્ય યાત્રા" પર વિશેષ પ્રદર્શનનું આયોજન | સોમનાથ પર સેમિનાર: મંદિર, તીર્થ અને પરંપરા | ત્રિવેણી ઘાટ પર સાંજે સંગમ આરતીનું આયોજન | કલાંજલિ: ખ્યાતનામ કલાકારો દ્વારા નાટ્ય- સંગીતના કાર્યક્રમોની પ્રસ્તુતિ